## યજ્ઞ એક શિક્ષણ - ઉચ્ચસ્તરીય વિજ્ઞાન :

ગાયત્રી મંત્ર અમારી સાથેસાથે !

ૐ, ભૂર્ભુવઃ સ્વઃ તત્સવિતુર્વરેણ્યં ભર્ગોદેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ॥



### માર્ગદર્શક છે અગ્નિ

દેવીઓ ! ભાઈઓ !

ચાર વેદમાં પહેલો વેદ છે ઋગ્વેદ, અને ઋગ્વેદનો પહેલો મંત્ર, જેમાં જ્ઞાન અને વિજ્ઞાનની સમસ્ત ધારાઓ ભરેલી છે, એ એટલો મહત્વપૂર્ણ છે કે આપ જોશો તો જાણશો કે મનુષ્ય જીવનની ભૌતિક, આર્થિક અને આત્મિક ઉન્નતિ વિકસાવવા આ મંત્રમાં બહુ મોટો સંકેત છુપાયેલો પડ્યો છે. ક્યો મંત્ર છે ?

ૐ અગ્નિમીલે પુરોહિતં યજ્ઞસ્ય દેવમૃત્વિજમ્ ! હોતારં રત્નધાતમમ્ !

આ પહેલો મંત્ર છે. આમાં યજ્ઞની પ્રશંસા કરવામાં આવી છે, તેની પ્રાર્થના કરવામાં આવી છે.

ભગવાને યજ્ઞરૂપ બતાવવામાં આવ્યા છે. ભગવાન કેવા છે ? ભગવાન કેવા હોઈ શકે છે ? ભગવાન દેખાતા તો નથી. ભગવાનને આપણે કેવી રીતે જોઈ શકીએ ? આપણે ક્યાં જઈએ ?

ભગવાનને જોવાની મનુષ્યની ઈચ્છાનું સમાધાન ઋગ્વેદના આ પહેલા મંત્રમાં કરવામાં આવ્યું છે. જ્યારે આપણે ભગવાનને આંખોથી જોવા માગીએ છીએ, તો ભગવાનનું એક જ રૂપ છે અને એ રૂપ ક્યું છે ?

અગ્નિ એટલે કે યજ્ઞાગ્નિ. યજ્ઞાગ્નિને શું કહેવામાં આવ્યું છે – પુરોહિત. પુરોહિત કોને કહે છે ? જે માર્ગ બતાવે છે, રસ્તો બતાવે છે, ઉપદેશ આપે છે અને આપણને ખોટા રસ્તેથી ઢસડીને સાચા રસ્તે લઈ જાય છે. એવા માણસનું, એવા માર્ગદર્શકનું નામ છે ! પુરોહિત.

### મિત્રો ! અગ્નિ આપણો પુરોહિત છે.

કંઈક શિક્ષણ પ્રાપ્ત કરવું હોય, જ્ઞાન ગ્રહણ કરવું હોય, આપને કોઈ આદર્શ કે સિદ્ધાંતો બાબતમાં કોઈ જાણકારી મેળવવી હોય, તો માણસો પાસે ભટકવાની જરૂર નથી. માણસ બહુ અણસમજુ છે અને હજાર પ્રકારની વાતો બતાવે છે.

એક વ્યક્તિ એક રીતે વાત કહે છે, બીજો બીજી રીતે વાત કહે છે, ત્રીજો ત્રીજી રીતે વાત કહે છે અને ચોથો ચોથી રીતે વાત કહે છે. કોઈ સમાધાન જ નથી. એક પંડિત બીજા પંડિતનો વિરોધી બની બેઠલો છે. એક ધર્મ બીજા ધર્મની વિરુદ્ધ બની બેઠો છે. એક દેવતાને બીજો દેવતા કાપવા તૈયાર બેઠેલો છે.

દેવતાઓની લડાઈ આપ જુઓ દેવીપુરાણમાં દેવીનો મહિમાં ગાવામાં આવ્યો છે અને બ્રહ્મા, વિષ્ણું, મહેશને તેમના ગુલામ-નોકર બતાવવામાં આવ્યા છે.

આપ શિવપુરાણ જુઓ. શિવપુરાણમાં શંકરજી સૌથી મોટો છે અને વિષ્ણુજી તેમના નોકર છે અને બીજા દેવ તેમના નોકર છે. આપ આ બધું જોશો તો ખબર પણ નહિ પડે કે આ શું ચક્કર છે ? પછી આપે જ્ઞાન મેળવવા માટે કોની પાસે જવું જોઈએ ? પુરોહિત પાસે. પુરોહિત પાસે કેવી રીતે જવું જોઈએ ? જે ભગવાનનો પ્રતિનિધિ હોય અથવા ભગવાનનું રૂપ હોય અથવા ભગવાને મોકલેલા સંદેશને એવી રીતે કહેતો હોય, કે જેમાં આપણને શક-સંદેહ કરવાની ગુંજાઈશ ન રહે. આ ક્યા દેવતા છે " યજ્ઞો વૈ વિષ્ણું:" નિશ્ચયપૂર્વક, વિશ્વાસપૂર્વક, છાતી ઠોકીને આપણે કહી શકીએ છીએ કે યજ્ઞ જ વિષ્ણું છે.

આમ કોણે કહ્યું ? શતપથ બ્રાહ્મણે કયું. નિશ્ચયપૂર્વક, ગેરંટીથી વિષ્ણું જે છે, તે જ યજ્ઞ ભગવાન છે. જીવંત ભગવાન કેવા હોઈ શકે છે ? જીવંત ભગવાન એક તો એ છે જે સૌની ભીતર સમાયેલા છે, બધી જગ્યાએ સમાયેલા છે, પરંતુ જો આપને પ્રત્યક્ષ જોવાની ઈચ્છા હોય, જે આપની સામે ઊભા રહીને આપને માર્ગદર્શન આપી શકે અને આપને ઉકેલ આપી શકે તથા આપના માટે લક્ષ્ય નિર્ધારિત કરી શકે, તો તેનું નામ યજ્ઞ છે. યજ્ઞની શું વિશેષતા છે ? "અગ્નિમીલે પુરોહિતં." અગ્નિ જે આપણો પુરોહિત છે, જે આપણો માર્ગદર્શક છે, તે આપણને શું શીખવે છે ? તે અવશ્ય બોલતો તો નથી જ, વાતચીત પણ નથી કરતો. લખવા-વાંચવાનું પણ જાણતો નથી, પરંતુ જેને આપણે વાસ્તવિક શિક્ષણ કહીએ છીએ, જે માણસના વ્યક્તિત્વમાં પ્રકટ થાય છે, ચરિત્રમાં પ્રકટ થાય છે. તે જીભથી પ્રકટ નથી થતું. લોકોનો એ ખ્યાલ છે કે અમે લોકોને શિક્ષણ આપીશું. એ શિક્ષણ આપ શાનાથી આપશો ? જીભથી આપશો. જીભ તો બેટા માંસની છે અને માંસની જીભ માંસને પ્રભાવિત કરી શક્તી હોય તો હુ જાણતો નથી, પરંતુ માણસના આત્માને પ્રભાવિત કરી શક્તી નથી. જીભનો વિશ્વાસ કોણ કરે છે ? જીભ તો એ જ વાહિયત છે, જીભ તો બહું સ્વાદલોલુપ છે, જીભ બહુ અયોગ્ય છે. પંડિતજી કહે કે બીજું કોઈ કહે, જીભની અસર ખૂબ થોડીક હોય છે, જાણકારી સુધી જ હોય છે. જીભથી શબ્દ નીકળે છે અને કાનમાં ઘૂસી જાય છે તથા કાનમાં ઘૂસ્યા પછી મગજના ચક્કર લગાવીને બીજા કાનમાંથી વિદાય થઈને બહાર ચાલ્યા જાય છે. બસ એની અસર ખતર થઈ ગઈ.

શબ્દની શું અસર હોય ? શબ્દોની અસર નથી હોતી, ક્રિયાની અસર હોય છે.

જો આપે કોઈના પર અસર પાડવી હોય, કોઈના પર છાપ પાડવી હોય, આપે વાસ્તવમાં કોઈ શિક્ષણ આપવું હોય, તો તેની રીત જીભ નથી. જીભની લપલપ બહુ અસરકારક હોઈ નથી શક્તી. આપને કથા કહેતાં આવડે છે, પુસ્તક વાંચતાં આવડે છે, સારી વાત છે. અમે આપનાં વખાણ પણ કરીએ છીએ, પરંતું અમે આપની

પાસે એવી આશા નહિ રાખીએ કે આપની જીભની એવી અસર થશે કે લોકો આપનું કહેવું પણ માની લેશે અને આપે બતાવેલા રસ્તા પર ચાલવા માંડશે.

જો આમ રહ્યું હોત અને કહેવા માત્રથી જ લોકોએ માની લીધું હોત અને વાંચવાથી લોકોએ માની લીધું હોત, તો ગોરખપુરના ગીતાપ્રેસે જે પુસ્તકો છાપ્યાં છે તેની નકલ લગભગ એક કરોડ જેટલી થઈ ગઈ છે. તેમણે લગભગ એક કરોડ ગીતાજીનાં પુસ્તકો છાપીને આપ્યાં છે.

એ વાંચનાર બધા જ અર્જુન થઈ ગયા હોત, પરંતુ ગીતા વાંચ્યા પછી તો એક પણ માણસ અર્જુન ન થઈ શક્યો. શું થયું કલમનું ? શું કલમ નકામી છે ? ના બેટા, એ બેકાર નથી. એ જાણકારી આપવામાં સમર્થ હોઈ શકે છે. જીભની પણ એ જ હાલત છે. કેટલા બધા પંડિત, કેટલા બધા રામાયણી, કેટલા બધા કથાકાર, કેટલા બધા વ્યાખ્યાતા, ધાર્મિક લેકચરોથી, રાજનૈતિક લેકચરોથી બિચારા માઈકનું દેવાળું ફૂંકી રહ્યા છે. માઈકનું કચુંબર કરવામાં આવી રહ્યું છે. બોલનાર કહે છે કે માઈક ઓછું પડે છે, બીજું લાવો. વર્ષોવર્ષ માઈક કંપનીઓ વધુને વધુ ઉત્પાદન કરે છે. તો પણ તૂટ પડે છે. બકવાસ કરનારાઓને અત્યારે ઝાઝાં માઈકોની જરૂર છે. હજી વધુ બનાવો અને બકવાસ કરનાર માઈકનો ઢગલો કરી દે છે.

## આચરણથી શિક્ષણ :

એનાથી ઉદ્ધાર થઈ શકે છે ?ના બેટા, એનાથી ઉદ્ધાર થઈ શક્તો નથી.

તો પછી કેવી રીતે ઉદ્ધાર થશે ? દુનિયામાં એની એક જ રીત છે અને એક જ રહેશે કે માણસ પોતાના વ્યક્તિત્વના માધ્યમથી શિક્ષણ આપે. બીજા માણસો જ્યારે જોશે કે આ માણસ જે વાત પર વિશ્વાસ રાખે છે, તે વાત તેના સ્વભાવમાં કેમ નથી આવતી, તેના વ્યવહારમાં કેમ નથી આવતી ?

જે વાત એ બીજાને કહે છે, એ જો સાચી હોય તો સૌથી પહેલાં તેણે પોતે જ ફાયદો ઉઠાવ્યો હોત.

સૌથી પહેલાં પોતાના જીવનમાં એને ધારણ કરવામાં સમર્થ રહ્યો હોત, પરંતુ પોતાના જીવનમાં એને ધારણ ન કરી શક્યો, તો અમારા માટે શું ધૂળ ફાયદાકારક હોય ?

જો ફાયદાકારક હોત તો પોતે પોતાના માટે શું કામ ઉપયોગ ન કરે ? આના પરથી લાગે છે કે દાળમાં કંઈક કાળું છે. તે બીજાને તો શીખવવા માંગે છે, પણ પોતાની જાત શીખવવા નથી માગતો. અહીંથી જ અવિશ્વાસ પેદા થઈ જાય છે અને માણસ એ વાતને માનવાનો પહેલાં ઈન્કાર કરી દે છે.

એટલા માટે અમે આપને એમ કહી રહ્યા હતા કે આપણો પુરોહિત, જે આપણા જીવનને વાસ્તવમાં વિકસિત કરી શક્તો હોય, જે આપણા જીવનનું વાસ્તવિક કલ્યાણ કરવા માગતો હોય, એ

પુરોહિત એવો હોવો જોઈએ, જે પોતાના ચરિત્રના માધ્યમથી આપણે શિક્ષણ આપી શક્તો હોય.

આ બાબતમાં યજ્ઞાગ્નિ પોતાની કસોટી પર સો ટપનું સોનું સાબિત થાય છે.

### યજ્ઞાગ્નિની શિખામણ

મિત્રો, યજ્ઞ આપણને છ શિખામણો આપે છે.

છ શિખામણો તો ઘણી બધી છે. મહારાજજી !

ઘણાં બાધાં વ્યાખ્યાન આપો. ના બેટા, ઘણાં બધા વ્યાખ્યાન આપવાની જરૂર નથી.

છ વ્યાખ્યાન પૂરતાં છે. યજ્ઞ, અગ્નિ, યજ્ઞાગ્નિ જેનો અમે પ્રચાર કરીએ છીએ અને જેનો રોજ આપને હવન કરાવીએ છીએ.

અમારી કન્યાઓ નિયમિતપણે હવન કરે છે. આપ તો નથી કરી શક્તા, વરસાદ આવે છે તો બંધ પણ કરવો પડે છે.

પરંતુ અમારે ત્યાં એ દરરોજ પ્રજ્વલિત રહે છે. ગાયત્રી તપોભૂમિમાં રોજ યજ્ઞ થાય છે.

તેને અમે દરરોજ માટે બલિવૈશ્વ રૂપે ઘરેઘરમાં ફેલાવવા માગીએ છીએ. એ શું શિક્ષણ આપે છે ? છ શિખામણ આપે છે. તેને જો આપ જીવનમાં ઉતારી લો, તો આપનો બેડો પાર થઈ શકે છે. આ શિખામણ કઈ છે ? યજ્ઞાગ્નિની અગ્નિની એક શિખામણ એ છે કે એ સદાય પ્રકાશવાન બની રહે છે. ક્યારેય તેનો પ્રકાશ બંધ થઈ શક્તો નથી. આગ લાગશે, તો પ્રકાશ જરૂર હશે. આગ બુઝાઈ જશે તો પ્રકાશ બુઝાઈ જશે. આગ લાગશે તો એવું તો બની જ નહિ શકે કે એમાંથી પ્રકાશ ન નીકળતો હોય.

પ્રકાશનો અર્થ શું હોઈ શકે છે ? માણસમાં પ્રકાશ તો નથી. માણસ કાંઈ બત્તી નથી, બલ્બ નથી કે બળશે. તો પછી યજ્ઞનું અનુસરણ કરવાનું શું થવું જોઈએ ? પ્રકાશ થવો જોઈએ. પ્રકાશ કોને કહે છે ?

બેટા, વ્યક્તિના આધ્યાત્મિક જીવનમાં પ્રકાશનો જ્યાં પણ ઉપયોગ કરવામાં આવ્યો છે, તે જ્ઞાનના અર્થમાં કરવામાં આવ્યો છે. 'લેટેન્ટ લાઈટ', 'ડીવાઈન લાઈટ', તપસો મા જ્યોતિર્ગમય' વગેરે જ્ઞાનના અર્થમાં જ પ્રયોજાયા છે. પ્રકાશનો અર્થ ચમક નથી, જે આપ વારંવાર સમજતા રહો છો. આજ્ઞાચક્રમાં અમે જ્યોતિનું ધ્યાન કરાવીએ છીએ. કેમ સાહેબ ! આમાં તો અમને ચમક્તું એવું કાંઈ દેખાતું નથી. જ્યારે અમે ધ્યાન કરીએ છીએ, તો આ બે ભ્રમરોની વચ્ચે કોઈ ચમક્તો પ્રકાશ દેખાતો નથી. ગુરુજી ! આપ તો અમને રોજ ધ્યાન કરાવો છો, પણ એવું કાંઈ દેખાતું નથી.

### પ્રકાશનો અર્થ છે – જ્ઞાન :

બેટા, અમે એવું ધ્યાન નથી કરાવતા કે ચમક દેખાય.

અમે ચમકના અર્થમાં પ્રકાશ નથી કહેતા, જ્યોતિનો અર્થ ચમક થઈ શક્તો નથી. ના

સાહેબ ! ચમક જોવા મળશે તો, અમારો ઉદ્ધાર થઈ જશે અને અમને ધ્યાન યોગનો અભ્યાસ થઈ જશે, ના બેટા, આ ચમક નથી, ચમક તો પંચભૌતિક વસ્તુ છે. એ પદાર્થ છે, એ અગ્નિ છે, આગ છે. ચમક આગ છે.

આ ચમક સાથે યોગાભ્યાસને કોઈ ખાસ સંબંધ નથી. ચમક જોવા મળે. તો સારી વાત છે, ન દેખાય તો ખરાબ વાત પણ નથી. સારું તો આપ આજ્ઞાચક્રમાં જેનું ધ્યાન કરાવો છો, તે કઈ વસ્તુ હોઈ શકે ?

બેટા, તે જ્ઞાન છે. આધ્યાત્મિક પરિભાષામાં પ્રકાશ હંમેશા જ્ઞાનના અર્થમાં આવે છે.

આત્મામાં પ્રકાશ થઈ ગયો અર્થાત્ આત્મબોધ – આત્મજ્ઞાન થઈ ગયું. જ્ઞાનનો અર્થ છે – આત્મબોધ, જ્ઞાન કેવું ? જે શાળામાં ભણાવવામાં આવે છે ?

ના બેટા, શાળામાં ભણાવાય છે તે નહિ. શાળામાં ભણાવાય છે તે જ્ઞાનને તો શિક્ષણ પણ કહે છે અને જાણકારી પણ કહે છે. એ તો પદાર્થવિજ્ઞાન હેઠળ આવે છે, કારણ કે એ પદાર્થ વિશે શીખવે છે.

જ્યારે આપણે શાળામાં જઈએ છીએ, તો ભૂગોળ શીખીને આવીએ છીએ. ગણિત શીખીને આવીએ છીએ. ઈતિહાસ શીખીને આવીએ છીએ.

આ પંચભૌતિક શિક્ષણ આપણને દુન્યવી જાણકારી આપે છે, જે પેટ ભરવા માટે કામમાં આવે છે અને આપણી ક્ષમતાઓને વિકસિત કરવાના કામમાં આવે છે. એ શિક્ષણ છે. વિદ્યા જેને અમે પ્રકાશ કહીએ છીએ, જ્ઞાનના અર્થમાં પ્રયોજીએ છીએ.

### 'ધી' તત્વ પણ જ્ઞાનને પ્રતિક :

મિત્રો ! ગાયત્રીમાં પણ જ્ઞાનને માટે 'ધી' કહેવામાં આવ્યું છે. 'ધી' એ કઈ વસ્તુ છે ?

આ એ જ્ઞાન છે, જે આપણી આત્મિક સમસ્યાઓનું સમાધાન કરે છે.

જ્ઞાનનો અર્થ ફક્ત એ જ છે કે જે આપણી આંતરિક સમસ્યાઓ, આંતરિક ગૂંચો જે ગુંચવાયેલી છે અને જેનો હલ નથી થતો, એનું સમાધાન રજૂ કરે છે.

આપણી અંદર કેટલો અંધકાર ભરેલો છે. બહાર તો અંધારું નથી .

દિવસે સૂરજ પ્રકાશે છે, રાત્રે ચંદ્રમાં ચમકે છે. ચંદ્ર અને સૂરજ ન પ્રકાશે તો પણ આપણે બત્તી પેટાવી શકીએ છીએ. દીવો પેટાવી શકીએ છીએ. તેનાથી આ અંધારું તો દૂર કરી શકાય છે, પરંતુ આપણી અંદર જે ઘનઘોર અંધકાર છવાયેલો છે.

જેને કારણે આપણને રસ્તો નથી દેખાતો. કયાં જતાં રહીએ, એની કાંઈ ખબર પડતી નથી. ક્યાં જવું જોઈએ, એની પણ કાંઈ ખબર પડતી નથી અને આપણે જીવનભર ભટક્તા રહીએ છીએ અને કઈ બાજુ જવાનું છે તે શોધ્યા કરીએ છીએ. આખી જિંદગી એ જાણી નથી શક્તા કે જવાનું કયાં છે. આ ઈન્દ્રિયોએ જે બાજુ ભટકાવી દીધા-

એ બાજુ ચાલી નીકળ્યા. પૈસાએ ભટકાવી દીધા તો એ બાજુ ભટકી ગયા. મિત્રોએ રાહ ભુલાવ્યો તો એ બાજુ ચાલી નીકળ્યા.

આખી જિંદગી રઝળપાટ જ આપણા ભાગે આવ્યો છે. પરંતુ આપણને કોઈ માર્ગ ન બતાવી શક્યું, જેને જોઈને આપણને વસ્તુસ્થિતિની ખબર પડી શકે. જેનાથી જ્ઞાન પ્રાપ્ત થાય અને વાસ્તવિકતાની જાણકારી પ્રાપ્ત થાય. ઓરડામાં અંધારુંઘોર છે. બત્તી ન પેટાવવાથી, જ્ઞાનનો પ્રકાશ ન થવાને લીધે આપણને જીવનની એક પણ સમસ્યાનું વાસ્તવિક સ્વરૂપ દેખાતું નથી. આપણને સમાધાન પણ મળતું નથી ને સમસ્યાઓનું સ્વરૂપ પણ જાણવા મળતું નથી. આપણે ફક્ત ભટકતા રહીએ છીએ. આમતેમ શોધતા રહીએ છીએ, કે આનું કારણ આ હોઈ શકે અને સમાધાન આ હોઈ શકે. હજારો સમાધાન શોધીએ છીએ, હજારો કામ શોધીએ છીએ અને ક્યાંય કોઈ ખબર પડતી નથી. નથી કોઈ નિદાન મળતું કે નથી કોઈ વસ્તુ શોધી શકતા, બસ, રઝળતા રહીએ છીએ. દર્દની જાણકારી નથી અને કઈ દવા ઉપયોગી સાબિત થશે તેની પણ ખબર નથી.

## પહેલું શિક્ષણ : પ્રકાશની ઉપાસના

મિત્રો ! વાસ્તવિકતા જાણકારી જેને થઈ જાય છે, અને જ્ઞાન મળી જાય છે, વાસ્તવિકતાને આપણે જ્ઞાન કહીએ છીએ, યજ્ઞાગ્નિ કહીએ છીએ, જે આપણને શીખવે છે કે મનુષ્યએ પ્રકાશવાન બનવું જોઈએ.

મનુષ્યે જ્ઞાનયુક્ત થવું જોઈએ. જેથી વાસ્તવિકતાને સમજી શકે અને વાસ્તવિકતાને સમજવા માટે સમર્થ બની શકે.

દીપક જ્ઞાનથી બળતો રહે છે અને ચારેય દિશામાં પ્રકાશ ફેલાવતો રહે છે. તે પોતાના તરફ બધાંની આંખોને આકર્ષિત કરતો રહે છે અને તેને જ્યાં મૂકવામાં આવે છે, ત્યાં પ્રકાશ રેલાવતો રહે છે. ભટકાવને દૂર કરતો રહે છે.

યજ્ઞાગ્નિ પુરોહિત હોય અને આપણે એમના શિષ્ય હોઈએ, 'હોતા' હોઈએ, માનતા હોઈએ.

આપણે કોની ઉપાસના કરવી પડશે ? આપણે પ્રકાશની ઉપાસના કરવી પડશે, પહેલું શિક્ષણ આપણને એ જ મળે છે, કારણ કે આપણા પુરોહિત, આપણા યજ્ઞાગ્નિ આપણને પ્રકાશ આપે છે અને પહેલી વાત એ કહે છે કે આપ પ્રકાશ પ્રાપ્ત કરો. દિશા પ્રાપ્ત કરો. માર્ગ પ્રાપ્ત કરો. અત્યારે આપણા જીવનમાં પ્રકાશનો અભાવ છે. જો પ્રકાશ મળે તો, જીવન સાર્થક બની જાય.

ભગવાન બુદ્ધને રોશની મળી ગઈ હતી, પ્રકાશ મળી ગયો હતો. એક નાના રાજકુમારમાંથી તેઓ ભગવાન બની ગયા હતા. મહારાજજી ! શું માનવ ભગવાન બની શકે ? હા, બિલકુલ બની શકે છે. જો એને પ્રકાશ મળી જાય તો, પરતુ જો અંધકાર મળે તો એની એવી ખરાબ હાલત થાય છે, જેવી અમારી-તમારી થાય છે. દુર્બુદ્ધિ આપણને પછાડી પછાડીને મારે છે, રોવડાવી રોવડાવીને મારે છે અને આપણો દુશ્મન પણ ન કરે એવી રીતે હેરાન કરે છે.

## બીજું શિક્ષણ સક્રિયતાનું :

મિત્રો, અંધકારથી મુક્તિ કેવી રીતે મળી શકે ?મુક્તિ મેળવવાની એક જ રીત છે કે આપણને પ્રકાશ પ્રાપ્ત થઈ જાય.યજ્ઞાગ્નિ આપણને એ જ શીખવે છે,

પહેલું શિક્ષણ એ જ આપે છે કે આપણે પ્રકાશવાન છીએ. આપણે કોણ છીએ ?અગ્નિ છીએ. અગ્નિ કહે છે કે આપે પણ પ્રકાશવાન બનવું જોઈએ. અગ્નિની

બીજી શિખામણ એ છે કે આપણા જે પુરોહિત છે, જેને આપણે યજ્ઞની વેદી પર સ્થાપિત કરીએ છીએ, એને આપણે પુરોહિત માનીએ છીએ.

બલિવૈશ્વના સમયે પણ આપણે એ કહીએ છીએ કે, આને જમીન પર ન મૂકતા, આ આચપણા પુરોહિત છે. પુરોહિતને સિંહાસન આપવામાં આવે છે અને યજ્ઞાગ્નિ માટે યજ્ઞવેદી તૈયાર કરવામાં આવે છે.

જમીન પર નથી રાખતા. આપે જે રેતીની વેદી બનાવી દીધી છે. તે સિંહાસન બનાવ્યું છે. આપે એનું સ્થાન ઉપર કરી આપ્યું છે, જમીન પર નથી બેસવા દીધા. આ શું છે ? બેટા, આ બીજું શિક્ષણ છે. એ છે જે આગ છે. યજ્ઞાગ્નિ છે, જેની આપણે પૂજા કરીએ છીએ. 'અગ્નિપૂજા' (ફાયર વર્શિપ) ના નામે જે અગ્નિહોત્ર આપણે રોજ કરીએ છીએ, એની પાસેથી આપણે શિખામણ લઈએ છીએ.

'અગ્નિહોત્ર' શી શીખ આપે છે ? એ શીખ આપે છે કે જ્યાં સુધી આગ જીવંત રહે છે ત્યાં સુધી ગરમ રહે છે. આપણા જીવનમાં પણ ગરમી જળવાયેલી રહેવી જોઈએ. દરેક મનુષ્યે દરેક યજ્ઞ ઉપાસકે પોતાના પુરોહિત પાસેથી એક શિક્ષણ અવશ્ય ગ્રહણ કરવું જોઈએ કે તે જીવનપર્યંત ગરમ બની રહે. ગરમથી શું અભિપ્રેત છે ?

બેટા, ગરમનો મતલબ છે સક્રિય બની રહેવું. ક્રિયાથી ગરમી ઉત્પન્ન થાય છે. આ ગરમીનું વિજ્ઞાન છે. આખરે ગરમી છે શું ? અને એ ક્યાંથી આવે છે ? બેટા, ગરમી ભારે મહેનતથી પ્રાપ્ત થાય છે , બીજી કોઈ પણ રીતે તે ઉત્પન્ન નથી થતી.

ગરમી ઉત્પન્ન કરવાની એક જ રીતે છે. મહેનતું હોવું – મહેનતું હોવાનો અર્થ છે – ક્રિયાશીલ હોવું, સક્રિય હોવું.

## કર્મનિષ્ઠ – ક્રિયાશીલતા હંમેશા જળવાઈ રહે :

મિત્રો, મહેનતનો મતલબ છે ક્રિયાશીલતા અને નિષ્ક્રિયતાનો અર્થ છે - હાથ જોડીને બેસી રહેવું. નિષ્ક્રિયતાથી ગરમી પેદા થતી નથી. ગરમી ક્યારે પેદા થાય છે – મહેનતથી. મહેનત ક્રિયાને કહે છે, હલચલને કહે છે. હલચલથી ગરમી પેદા થાય છે. આપણા જીવનમાં કર્મનિષ્ઠા એટલે કે હલચલ એટલે કેઅ આપણી ક્રિયાશીલતા નિરંતર સતત રહેવી જોઈએ.

આપણા જીવનમાં કોઈ એક ક્ષણ પણ એવી ન હોય કે જેમાં આપણી ઉપર એવો દોષ મૂકવામાં આવે કે આપણે નિષ્ક્રિય બેઠા છીએ.

આપણા જીવનના અંદરવાળા ભાગમાં કોઈ નિષ્ક્રિય નથી બેસતું. આપ તપાસી શકો છો કે આપણી અંદરનું લોહી બરાબર ચાલતું રહે છે. માંસપેશીઓ બરાબર કામ કરતી રહે છે.

આપણે સૂઈ જઈએ છીએ અને સવારે જાગી જઈએ છીએ. તો પણ આપણા મગજના કોશો કામ કરતા રહે છે.

ભાઈસાહેબ ! આપ સૂઈ ગયા છો, ઠીક છે પરંતુ આપનું મગજ કામ કરી રહ્યું છે. તે સ્વપ્ન જોઈ રહ્યું છે. સપનાં જોવા ઉપરાંત એ શરીર પર કંટ્રોલ કરે છે. આપ સમજો છો કે આપણી સિસ્ટમ હૃદયથી કામ કરે છે. ના, હૃદયથી કામ નથી કરતી. તેની કંટ્રોલ ઓફિસ મગજમાં છે. સૂતી વખતે પણ આખી રાત મગજ કંટ્રોલ કરે છે. આપને ખબર પણ નથી પડતી અને આપ પડખું ફેરવી લો છો. રાત્રે થાક લાગે છે. એક પડખે સૂઈ રહેવાથી શરીર દુઃખવા લાગે છે. એનાથી શું થાય છે ? મગજને બધી જ ખબર રહે છે. તે હુકમ આપે છે કે પડખું ફેરવી લો. પગ પર પગ રાખીને સૂઈ ગયા અને એક પગ પર બીજા પગનું દબાણ આવી રહ્યું છે. આપણું મગજ જુએ છે કે જો આ દબાણ વધારે સમય સુધી પડતું રહે, તો લોહીનું પરિભ્રમણ ધીમું પડી જશે. એટલા માટે એ હુકમ આપે છે કે આ પગને આ બાજુ રાખવો જોઈએ, પડખું ફરવું જોઈએ. આપની જાણકારી વિના આ બધું આપોઆપ થતું રહે છે.

### સતત કામ, રજાનું નામ નહિ :

મિત્રો ! આપણું મગજ બરાબર કામ કરતું રહે છે.કામ કરતા તે ક્યારેય અટકી શક્તું નથી.

સૂરજ બરાબર કામ કરે છે. બંધ થઈ જશે ?

ના બેટા, એક સેંકડ માટે પણ તેને રજા નથી. ચંદ્રને પણ એક સેંકડ માટે પણ રજા નથી.

ધરતીને બ્રહ્માજીએ જ્યારથી બનાવી હતી, ત્યારથી માંડીને જયાં સુધી ધરતીનો પ્રલય ન થાય ત્યાં સુધી, એક દિવસ માટે પણ રજા મળવાની નથી.

આપણને બહારના જીવનમાં રજા નથી મળતી અને માણસને પણ ક્યારેય રજા ન મળવી જોઈએ. ઘણાંબધા ડિપાર્ટમેન્ટ્સ એવાં છે, જેમાં ક્યારેય રજા નથી મળતી. ના સહેબ ! દરેકને અઠવાડિયે એક રજા મળે છે.

ના બેટા ! કેટલાંય ડિપાર્ટમેન્ટ્સ એવાં છે, જેમને ક્યારેય રજા નથી મળતી. કોને નથી મળતી ?

ચાલો, હું બતાવું છું. જેમ કે જેલ ખાતું. આપ ગિરફતાર થઈ જાવ.

ના સહેબ ! આજે તો રવિવાર છે અને આજે આપે બહાર ફરવા જવું પડશે. કાલે આપની ધરપકડ કરીશું.

અરે ભાઈ ! અમારે અત્યારે જ ભરતી થવું પડશે. અમે ધાડ પાડીને આવ્યા છીએ. આપ અમને પકડો અને જેલમાં પૂરી દો.

જેલખાતામાં ક્યારેય રજા નથી હોતી. દવાખાનામાં ક્યારેય રજા નથી હોતી. ઘાયલ થઈ ગયા છો, બંદૂકની ગોળી વાગી છે, સાપ કરડ્યો છે, ચાલો, દાખલ થઈ જાવ, રજા છે ? ના, રજા નથી. ટપાલ ખાતામાં પણ રજા નથી હોતી.

### કામ કરતાં કરતાં ઘસાઈ જાવ, આરામ ન કરો :

મિત્રો ! માણસના જીવનમાં ક્યારેય રજા ન હોવી જોઈએ.

માણસના જીવનની પળેપળ સક્રિય હોય, પળેપળ માણસે સક્રિય રહેવું જોઈએ, ક્ષણેક્ષણ માણસે ક્રિયાશીલ બની રહેવું જોઈએ. સક્રિયતાની બાબતમાં ક્રિયાશીલતાની બાબતમાં માણસે હથિયાર હેઠાં ન મૂકવાં જોઈએ અમે કામ કરીશું ? ક્યાં સુધી કામ કરીશું ? જ્યાં સુધી શ્વાસ ચાલશે ત્યાં સુધી કામ કરીશું. રિટાયર્ડ થશો ત્યારે ? ત્યારે અમે બમણું કામ કરીશું.

પહેલા અમારે કમાવાની ચિંતા હતી, એટલે રોટી કમાવી પડતી હતી, હવે તો રોટી માટે પેન્શન મળે છે. એટલા માટે હવે અમે સમાજનું કામ કરીશું. ખૂબ વધારે કામ કરીશું અને કરવું પણ જોઈએ. આ શું છે ?

બેટા, આ ક્રિયાશીલતાની ગરમી છે, જે બતાવે છે કે માણસે કર્મનિષ્ઠ હોવું જોઈએ. કર્મયોગી હોવું જોઈએ અને કરવું પણ જોઈએ. ના સાહેબ ! મહેનતનું, શ્રમનું કામ કરવાથી થાકી જઈશું. ના બેટા, કોઈ નહિ થાકે. ચાલો, હું એમ માની પણ લઉં કે આપ થાકી જશો, તો એ આપની શાન છે.

અમારે અહીં મથુરામાં એક નાયી હતા. છબીલલાલ. તેમની પાસે સાત પેઢીનો એક અસ્ત્રો હતો. ઘસાતાં ઘસાતાં અસ્ત્રાની પાછળવાળી પીઠ જ બચી હતી અને જરાક અણી જ રહી ગઈ હતી. તે જોઈને તેઓ કહેતા હતા કે સાત પેઢીથી આ અસ્ત્રો અમારી પાસે છે. ત્યારથી માંડીને આજ સુધી હવે માત્ર આટલો જ રહ્યો છે. નામ પૂરતી અણી જ રહી ગઈ હતી, એ કાટ ખાધેલા અસ્ત્રામાં ! કાટ ખાધેલા અસ્ત્રાને ધિક્કાર છે અને જે માણસ કામ કરતાંકરતાં ઘસાઈ ગયો તેને ધન્ય છે.

માણસ કામ કરતાં કરતાં ઘસાઈ જાય, કામ કરતાં કરતાં મરી જાય, એ એની શાન છે, ગૌરવ છે. જે હરામખોર બેસી રહે છે અને એમ વિચારે છે કે અમારા પુત્રો કમાય છે, અમારા પૌત્રો છે, મારો બાપ કમાઈને મૂકી ગયો છે અને અમારી પાસે ખૂબ રૂપિયા છે. અમારી પાસે ખતીવાડી છે, અમારું પેન્શન આવે છે, તો હવે અમે શા માટે કામ કરીએ ? બેટા, અમને ધિક્કાર છે !

### કામચોરી ! એક સામાજિક અપરાધ :

બેટા ! તું તો કાંઈ કામ કરે છે કે નથી કરતો ? ના સાહેબ ! હું તો નથી કરતો. બેટા, કામ તો કરવું જોઈએ. સમાજ માટે કરવું જોઈએ. પોતાના

માટે કરવું જોઈએ, કોઈના માટે પણ કરવું જોઈએ. માણસે નિષ્ક્રિય ન બેસવું જોઈએ.

આપણા સમાજમાં નિષ્ક્રિયતા આવી, આપણા સમાજમાં આળસ આવ્યું કે આપણા સમાજમાં દરિદ્રતા આવી જ સમજો. આપણા સમાજમાં દરેક માણસ એ વાતને ગૌરવ સમજે છે કે અમને નિષ્ક્રિય બેસવાનો મોકો મળે અને અમારે કામ ન કરવું પડે. જેની પાસે સખત કામ છે, મહેનતનું કામ છે, તેનાથી તે ભાગવા માગે છે. સખત કામથી માણસ ભાગે છે.

આપણા દેશના પછાતપણાની, દરિદ્રતાની આ જ નિશાની છે. કામનું સન્માન ઓછું કરી નાંખવામાં આવ્યું છે. કામનું સન્માન ઓછું કરી નાંખવાથી સમાજમાં કેવી આફત આવી ગઈ એ આપને દેખાતું નથી. જે વ્યક્તિ કામ નથી કરતી તેને મોટો માણસ માનવમાં આવ્યો અને જે વ્યક્તિ રાતદિવસ કામ કરે છે, પરસેવો પાડે છે, તેને નિમ્ન વર્ગના કહેવામાં આવ્યા અને અલગ કરી દેવામાં આવ્યા, કારણ કે એ શ્રમિક છે, મજૂર છે, આપણા દેશનું દુર્ભાગ્ય અહીંથી શરૂ થાય છે.

આપણા દેશની દરિદ્રતા અહીંથી શરૂ થાય છે. આપણે આપણી દીકરીનું લગ્ન કરવાનો વિચાર કર્યો અને શોધ કરી કે આપણી દીકરી એવા ઘરમાં જવી જોઈએ, જ્યાં પલંગ પર બેસીને રાજ કર્યા કરે. એનો શું મતલબ છે ? એ જ કે આપણે ઈચ્છીએ છીએ કે આપણી દીકરી જ્યાં પણ જાય ત્યાં તેણે કામ ન કરવું પડે. પછી કોણ કામ કરશે ? જેના ઘરાં રસોઈયણ હોય, તે રસોઈ બનાવ્યા કરે. કપડાં ! વાસણવાળી કપડાં-વાસણ કરે. બાળકોને રાખનારી બાળકોને સાચવ્યા કરે. કચરાપોતાંવાળી કચરોપોતું કરે અને બીજું બધું કામ કર્યા કરે. હા સાહેબ ! અમારી દીકરી બહુ સારી છે. જરાય કામ ન કરવું પડે. સારું, તો હવે જ્યારે દીકરી પાસે જાય ત્યારે એક વાત પૂછજે, તે એક કામ માટે નોકર રાખ્યો છે કે નહિ ? શું પૂછીને આવું ? એમ પૂછીને આવજે કે તેં ખાવાનું ખાવા માટે નોકર રાખ્યો છે કે નહિં ? દીકરી ખાવાનું ખાશે, તો મોં ચલાવશે. એનાથી તેનાં દાત ઘસાઈ જશે. એટલે નોકરાણી રાખી લે. એ તેના બદલાનું ખાવાનું ખાઈ લેશે. ચા પી લેશ. ચૂપ બદમાશ નકામો ! હરામખોરીની વાત કરે છે !

## પ્રકૃતિ આપની પાસેથી બદલો લેશે :

મિત્રો ! જ્યાં પણ જુઓ ત્યાં દરેક માણસ કામથી, મહેનતથી પીછો છોડાવવા માગે છે. શ્રમ વિના રહેવા માગે છે.

મહેનતથી જાન છોડાવીશું તો હું એક વાત કહીશ કે મહેનતના દબાણથી તો આપ બચી શકો છો, પરંતું એનો બદલો આપે ચૂકવવો પડશે એ બીમારીરૂપે ચૂકવવો પડશે, એ ધ્યાન રાખજો. આપ હરામખોર થઈ જાવ, કાંઈ વાંધો નહિ, પરંતુ હું આપને ફરીથી કહું છું કે પ્રકૃતિ આપની પાસેથી પૂરેપૂરું વસૂલી લેશે.

આપને બરાબર કમજોર બનાવતી જશે, આપના હાથ-પગ અપંગો જેવા બનાવતી જશે. જો આપ એમ ઈચ્છા હો કે આપ કામ નહિ કરો અને

આપની પાસે દોલત આવી જશે, તો એમ થવાનું નથી.

દોલત ખતમ થઈ જશે અને પછી આપને અક્કલ આવશે.

ના, અક્કલ પણ ચાલી જશે. અક્કલ રહેશે ? ના આળસુ, બેકાર માણસોની અક્કલ પણ ચાલી જાય છે. નકામા માણસો પાસે, બેસી રહેનારા પાસે બેસી રહે છે. જે માણસ બેસી રહે છે, તેનું ભાગ્ય પણ બેસી રહે છે. જે માણસ સૂતો રહે છે, તેનું ભાગ્ય પણ સૂતું રહે છે અને જે માણસ એકદમ ઊભો થઈ જાય છે, એનું ભાગ્ય પણ એકદમ ઊભું થઈ જાય છે. જે માણસ ચાલવાનું શરૂ કરી દે છે, તેનું ભાગ્ય પણ ચાલવાનું શરૂ કરી દે

છે. હું આપને એ જ કહી રહ્યો હતો કે આપણો પુરોહિત એ જ શીખવે છે કે માનવી સમાજમાં આપણને સક્રિયતાની પરંપરા કાયમ રાખવી જોઈએ. પ્રત્યેક માણસે પોતાની રીતે કામ કરવું જોઈએ. વૃદ્ધ છે, તો વૃદ્ધની રીતે કામ કરે, યુવાન છે તો યુવાનની જેમ કામ કરે. ના સાહેબ ! હું તો સાસુ છું, સાસુ છો ? તો માતાજી આપ સાસુની રીતે કામ કરો. આપ બેસી શું કામ રહો છો ? સાસુએ પણ કામ કરવું જોઈએ. ના, અમારી વહુ આવી ગઈ છે. તો એ રોટલી ખાય છે, આપ શું કામ રોટલી ખાવ છો ? બેટા, દરેક માણસનુ ગૌરવ, દરેક માણસની આબરૂ હોવી જોઈએ, કે તે ક્રિયાશીલ છે. ક્રિયાશીલતા આપણને અગ્નિનું શિક્ષણ છે.

આપણા પુરોહિતના બે શાનદાર શિક્ષણ છે. તેને જીવનનું અંગ બનાવવાં જોઈએ.

દેવીઓ ! ભાઈઓ !

મિત્રો ! આપે વ્યાખ્યાન સાંભળ્યાં હોય કે ન સાંભળ્યાં હોય, પરંતુ જો આપ ભગવાનની પૂજા કરો છો તો તેની પાસેથી તમે બે શિખામણ જરૂર સાંભળી લો. તેઓ અમોને અને તમોને જે બે શિક્ષણ – ઉપદેશ આપે છે, તે એક એકથી ચડિયાતાં અને પ્રભાવી છે. એક તો આપે વિચારશીલ બનવું જોઈએ, જ્ઞાની થવું જોઈએ અને આપે ક્રિશીલ બનવું જોઈએ. જ્ઞાનયોગી પણ બનવું જોઈએ અને આપે કર્મયોગી પણ બનવું જોઈએ.

જો આ જ્ઞાન આપ યજ્ઞ પાસેથી શીખો છો યજ્ઞનું પૂજન કરવું, યજ્ઞનું પૂજન કરવું, યજ્ઞને ભગવાન સમજવા, યજ્ઞમાં આહુતિ આપવાનું સાર્થક બની જાય છે. આ બાબતો બે શિખામણ સુધી જ મર્યાદિત નથી રહેતી, ભગવાન શિખવાડે છે અને આપ શીખો છો.

ના બેટા, એ સાર્વજનિક, સાર્વજનીક અને સાર્વભૌમિક શિક્ષણ – ઉપદેશ છે. પ્રત્યેક વ્યક્તિએ એ સમજવું જોઈએ કે આપની પાસે જ્ઞાનની ખોટ છે. એ વધારવા માટે પ્રયત્ન કરો. દોલતની બાબતમાં આપ સંતોષ કરી શકો છો, પરંતું જ્ઞાનની બાબતમાં આપને સંતોષ ન થવો જોઈએ, વાંચવાની બાબતમાં આપને સંતોષ ન થવો જોઈએ કે હવે અમારી પાસે પર્યાપ્ત જ્ઞાન-જાણકારી છે, અમારે હવે બીજું વધારે જાણવાની

જરૂર નથી. 'એવું અમારા માટે ન કહો કે સ્વાધ્યાય જરૂરી છે' આવું કહેવાનું બંધ કરો.

જ્ઞાનનું શિક્ષણ-ઉપદેશ, જ્ઞાનના વિસ્તારનું શિક્ષણ અને કર્મના વિસ્તારની શિખામણ આપણા પુરોહિત આપણને આપે છે. આ બે યજ્ઞાગ્નિની – પુરોહિતની શિખામણ પૂરી થઈ. હવે આગળ ચાલો.

### આપણું લક્ષ્ય ઉર્ધ્વગતિનું હોય

મિત્રો ! યજ્ઞાગ્નિની ચાર શિખામણ બાકી રહી જાય છે.

આપ આ છ શિખામણોને દૂનિયામાં ફેલાવો તો ખૂબ જ સારું. એ છમાંથી ત્રીજી બાબત કઈ છે ?

યજ્ઞાગ્નિનું, આગનું મુખ હંમેશા ઊંચું રહે છે એ ત્રીજી બાબત છે. આનો અર્થ શું છે ?

એનો અર્થ એ છે કે આપ ઈચ્છો એટલું દબાણ આપો તો પણ અગ્નિનું મુખ નીચું નહિ થાય.

આપ દબાણ આપીને જોઈ લો. આપ દિવાસળી સળગાવો, લાકડી સળગાવો કે ઈચ્છો તો આપ દીવો પ્રગટાવો અને એવો પ્રયત્ન કરો કે અમે એને ઊલટાવી દઈશું. આપ ઊલટાવી દો, દબાણ કરો, પરંતુ અગ્નિની જ્વાળા ઊલટી-ઊંધી થઈને પણ ઉપર જ ઊઠશે,.

ના સાહેબ ! જવાળાને નીચે સળગાવીશું. નહિ બેટા, વેલ્ડિંગ મશીન દ્વારા પણ ખૂબ દબાણ આપીશું, તો થોડી વાર સુધી તે નીચેની તરફ જઈ શકશે, પરંતુ જેવું દબાણ ઓછું થશે કે જ્વાળા ફરીથી ઉપરની તરફ સળગવા માંડશે. અગ્નિનો સ્વભાવ ઉપરની તરફ ચાલવાનો છે. નીચેની તરફ નહિ. આપણું મસ્તિષ્ક – આપણું મગજ અને આપણું જીવન નીચેની તરફ ચાલવાનું ન હોવું જોઈએ, પરંતુ ઊંચેની તરફ ચાલવાનું હોવું જોઈએ. નીચેની તરફ વહેવાનું કામ પાણીનું છે, નીચેની તરફ પડવાનું કામ ઢેખાળાનું છે. તમે તમે ઢેખાળો નથી અને પાણી પણ નથી.

### માથું ક્યારેય નીચું ન થાય.

તમે કોણ છો, માનવ છો અને પ્રગતિશીલ છો. એથી તમારા વિચાર અને તમારું ચિંતન, તમારી આસ્થાઓ, તમારી માન્યતાઓ અને તમારો આદર્શ અને તમારું ગૌરવ હંમેશા ઊંચું રહેવું જોઈએ. દબાણ લાગે છે. હા બેટા, અમે જાણીએ છીએ કે તમારી પર બહારના લોકોનું દબાણ પણ પડી શકે અને તમને લાચાર કરનારું અંદરનું દબાણ પણ પડી શકે, બંને દબાણ પડી શકે છે, પરંતુ આપણનું મસ્તક અર્થાત્ આપનું ચિંતન, આપનું ગૌરવ, આપની શિખા નીચેની તરફ ન ચાલવી જોઈએ. કોઈ વ્યક્તિ આપને એવું ન કહી શકે કે આપ મસ્તક નમાવી દીધું. અન્યાયની સામે અનીતિની સામે આપે હાર માની લીધી. ઈશ્વરની સમક્ષ, ન્યાયની સામે આપ મસ્તક નમાવી શકો છો, પરંતુ અનીતિની સામે, દબાણની સામે આપનું મસ્તક નમવું ન જોઈએ. આપનું મસ્તક હંમેશા ઊચું – ઉન્નત રહેવું જોઈએ. આ કોની શિખામણ છે ? આ આપણા પુરોહિતની

શિખામણ છે. આ ભગવાનની શિખામણ છે. આ ત્રીજી શિખામણ છે.

### બધાંને તમારા જેવા બનાવી દો

આ ભગવાનની ચોથી શિખામણ છે. ચોથી શિખામણ એ છે કે જે કોઈપણ એની પાસે જાય છે, એને તે પોતાના જેવા બનાવી લે છે. અગ્નિની પાસે જે કંઈ પણ વસ્તુ લઈ જાવ, અગ્નિની કોશિશ એ જ હશે કે આપણે જેવા પણ હોઈ, એના જેવા બનાવી દેશે. આપ અગ્નિમાં લાકડી નાંખો, એને તે પોતાના જેવી બનાવી દેશે. પથ્થર નાંખો એને પણ તે અગ્નિ બનાવી દેશે. કોઈ પણ વસ્તુ નાંખી દો અગ્નિની કોશિશ એ જ હશે કે કંઈ પણ હોય, જે પણ ભગવાને બનાવ્યું છે, એને તે પોતાના જેવું બનાવી દે. મિત્રો ! આપણી પણ એવી કોશિશ હોવી જોઈએ કે જેવી રીતે આપણે શાનદાર-પ્રભાવી છીએ, એવી રીતે બીજાઓને પર શાનદાર-પ્રભાવી બનાવવાની કોશિશ કરીએ. "કૃણ્વં વિશ્વમાર્યમ્ !" વિશ્વને સમગ્ર સંસારને શ્રેષ્ઠ બનાવવા માટે આપણા પ્રયત્નો હોવા જોઈએ. આપણે સારા છીએ, એ જ પૂરતું નથી. આપણા પડોશીઓ પણ સારા હોવા જોઈએ. આપણે જ્ઞાની છીએ, એટલું જ પૂરતું નથી, આપણા પડોશીઓ પણ આપણા જેવા જ્ઞાની હોવા જોઈએ. આપણે શક્તિશાળી છીએ, સારું છે પણ એટલું પૂરતું નથી. આપણા પડોશી પણ, આપણા કુટુંબીઓ અને સંબંધીઓ પણ શક્તિશાળી હોવા જોઈએ. આપણા તમામ વિચારો એવા જ હોય. આપણે એકલા નહિ, પરંતુ આણા સમગ્ર સમૂહ, સમગ્ર સમાજને લઈને આગળ વધીએ. આ કોની રીત છે ? આ અગ્નિની રીત છે. અગ્નિ ક્ષણમાં કોઈને પણ પોતાના જેવા બનાવી લે છે. લાકડાંને પોતાના જેવું બનાવી દે છે. સડી ગયેલા છાપરાંને પોતાના જેવું બનાવી દે છે. હોળીના દિવસોમાં કૂડો-કચરો હોય છે, એમાં આગ લગાવી દઈએ છીએ,. તે અગ્નિના રૂપમાં બળી જાય છે એ ચિતા ? ચિતામાં મરી ગયેલો માણસ પણ આગ રૂપે બળવા માંડે છે. કેમ સાહેબ ! મરી ગયેલો માણસ પણ ? હા, મરી ગયેલો માણસ પણ અગ્નિ બની જાય છે. કારણ કે એ અગ્નિની, આપણા પુરોહિતની વિશેષતા છે કે તે બીજાંને પણ પોતાના જેવા બનાવી લે છે.

### સમાનધર્મી બનાવી લો.

મિત્રો ! આપણે બીજા જેવા બનવા કરતાં તેઓને આપણા જેવા બનાવવાનો આપણો પ્રયત્ન રહેવો જોઈએ. બીજાઓના જેવા ન બનો. અગ્નિ લાકડું નથી બનતો. અગ્નિ પથ્થર નથી બનતો.

અગ્નિ ગંદી વસ્તુ નથી બનતો, પરંતુ એ બધાંને પોતાના જેવો બનાવી દે છે. બીજાના દબાણમાં કે પ્રભાવ હેઠળ આવીને આપ બીજાંઓ જેવા બનવાનો પ્રયત્ન ન કરો, પરંતુ આપ એવો પ્રયત્ન કરો કે આપનું અસ્તિત્વ, આપણનું વ્યક્તિત્વ, આપનું ચિત્ર અને આપના સિદ્ધાંતો ઉજ્જવળ હોવા જોઈએ અને આપની અંદર એટલી ક્ષમતા હોવી જોઈએ કે બીજાને આપના જેવા બનાવી લેવા માટે સમર્થ બની શકો.

આ આપની વિશેષતા છે. કઈ ? ચોથા ક્રમની. સમાન બનાવનારી વિશેષતા.

## અગ્નિ પાસેથી અપરિગ્રહ શીખો.

સાથીઓ ! હજુ વધુ બે વિશેષતાઓ છે. એ બંને એકબીજાને મળતી છે. એને આપ પાંચમી કહી શકો છો. છઠ્ઠી કહેવામાં પણ કોઈ વાંધો ઉઠાવી શકે એવું નથી, પરંતુ આપ પાંચમી કહો. અમે ગાયત્રીની પંચમુખી ઉપાસના શીખવીએ છીએ તો આપ એને પંચમુખ પણ કહી શકો છો. પાંચમી ઉપાસના કળ છે. ? એનું નામ છે – અપરિગ્રહ. અપરિગ્રહની સાથે એક વધુ બાબત જોડાયેલી છે. એટલા માટ એને બે પણ કહી શકીએ. એનો અર્થ છે – વિતરણ. કેમ સાહેબ ! આપે બે કેમ કહ્યુ અને એક શા માટે ન કહ્યું ?

બેટા, મેં એટલા માટે કહ્યું કે અપરિગ્રહનું લક્ષણ એ નથી કે આપણે ઉત્પાદન ન કરીએ. ઉત્પાદન જ ન કરવું આળસુની જેમ બેસવું, એનો અપરિગ્રહનો અર્થ નથી થતો આપણે અપરિગ્રહી છીએ, તો શું કરીએ છીએ ? અમે તો સાહેબ ! બેઠા રહીએ છીએ. અમારી પાસે કશું જ નથી. નહિ બેટા, અપરિગ્રહનો અર્થ એ નથી, અપરિગ્રહનો અર્થ એ છે કે આપ કમાવ તો ખૂબ, સો સો હાથોએ કમાવ, પરંતુ હજાર હાથોએ વહેંચી દો. જમા ન કરો – આપની કમાવાની શક્તિની હું પ્રશંસા કરું છું કે આપની કમાવા ક્ષમતા અને યોગ્યતા ખૂબ ખૂબ કમાવાની હોવી જોઈએ, પરંતુ હું એ પણ કહું છુ કે આપ એકલા જ બધું ન ખાવ.

જ્યારે આપ એકલા જ ખાવ છો ત્યારે મુશ્કેલી ઊભી થાય છે. ત્યારે આપ સ્વાર્થી બની જાવ છો. જે વ્યક્તિ કે વર્ગ ક્ષમતા ધરાવે છે અને તે પોતાની સમગ્ર કમાણી ખાતો રહે તો અમે પૂછીશું કે જે પછાત છે, જે ગરીબ છે, અપંગ છે, જે પતિત છે એમનું શું થશે ? એમનો ભાગ ક્યાંથી આવશે ?

## સંગ્રહ કરવો પાપ છે.

મિત્રો ! આપે આપનામાંથી કપાત કરવી પડશે, પછી તે સરકારી ટેકસ રૂપે ચૂકવો કે ધર્મપરંપરાના નામે દાન કરીને કપાત કરો અથવા અધ્યાત્મના સિદ્ધાંત અનુસાર અપરિગ્રહી બની જાવ.

આપણે ત્યાં શાસ્ત્રોમાં મનુષ્ય જાતિ માટે પાંચ પાપ અને પાંચ પુણ્ય દર્શાવવામાં આવ્યાં છે. આ પાંચ પુણ્ય ક્યાં ક્યાં છે ? અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ. આ પાંચ પુણ્ય છે, છઠ્ઠુ કંઈ જ નથી અને પાંચ જ પાપ છે દુનિયામાં; આને ઊલટાવી નાંખો તે પાપ છે. એ સમગ્ર પાપ અને પુણ્યોની વ્યાખ્યા તો હું અહીં નથી કરતો, પરંતુ જે યજ્ઞાગ્નિ સાથે સંબંધ ધરાવે છે, એ પુણ્યની વાત કહું છુ. એનું નામ અપરિગ્રહ. અપરિગ્રહ પુણ્ય છે અને પરિગ્રહ પાપ છે.

આપ ધનિક વ્યક્તિ છો, આપને અભિનંદન, પરંતુ આપના સંગ્રહને આધ્યાત્મિકતાની કસોટી પર અમે સારો નહિ માનીએ. આપે કરેલો સંગ્રહ નિંદનીય છે. શા માટે સાહેબ ! અમે કમાયા અને સંગ્રહ કર્યો તો શું થઈ ગયુ ? ભાઈ સાહેબ ! અમે સ્વીકારી લીધું કે આપે બેઈમાની કરીને ધન નથી મેળવ્યું.

મહેનત કરીને કમાણી કરી છે, પરંતુ હું કહું છું કે ભગવાને આપને એટલું સામર્થ્ય આપ્યું કે આપ આટલું કમાયા, પરંતુ એ ભગવાને એવું હૃદય આપને કેમ નથી આપ્યું, જેનાથી પડોશીઓનું દુ:ખ જોઈને આપની આંખોમાં આંસુ આવી જાય ? એવું હૃદય આપને કેમ નથી આપ્યું ? આપને યોગ્યતાઓ આપી દીધી, પુરુષાર્થ પણ આપી દીધો, પરાક્રમ પણ આપી દીધું, બુદ્ધિ પણ આપી દીધી, કલા-કૌશલ્ય પણ આપી દીધાં, ખૂબ સારી વસ્તુઓ આપને આપી દીધી. આપને ભાગ્યાશાળી બનાવ્યા, પણ આટલી ખોટ-અધૂરપ કેવી રીતે રહી ગઈ ? કમાવાની યોગ્યતાની સાથેસાથે આપને એવું હૃદય મળ્યું છે, જેને અમે પથ્થર દિલ કહી શકીએ.

પથ્થરનું દિલ કહી શકીએ. ના સાહેબ ! અમારું દિલ તો માંસનું છે. ના, આપનું દિલ માંસનું ન હોઈ શકે. જો આપનું દિલ માંસનું બનેલું હોય તો આપની અંદર પણ કરુણા રહી હોત. દયા હોત અને જ્યારે આપ આપની કમાણી ખાત તો આપને ઊલટી થઈ જાત.

સંગ્રહ કરનાર – પથ્થર દિલ મનુષ્ય

મિત્રો ! આપ આપની કમાણી કમાઈ તો શકો છો, પરંતુ આપ ખાઈ નથી શક્તા. કારણ કે મનુષ્ય એક સમાજ છે, સમુદાય છે.

આપ માસિક પાંચ હજાર રૂપિયા કમાવ છો. ભાઈ સાહેબ ! નાનું બાળક દુધ માટે રડે છે, નહિ સાહેબ ! અમે કમાઈએ છીએ, એ નથી કમાતો. એથી અમે એને દૂધ પીવા નહિ આપીએ. તો આપ બાળકને દૂધ આપવા નથી માગતા ? હા સાહેબ ! અમે આપવા નથી માગતા. બાળક મરી જાય તો અમારે શું લેવાદેવા. અમે કમાઈએ છીએ એટલે અમે જ ખાઈશું ?

ના બેટા, એવું ન બની શકે. ના સાહેબ !

અમે મીઠાઈ લાવ્યા છીએ તો બેસીને આરામથી ખાઈશું અને જે આપનાં પાંચ બાળકો છે, તેઓ ? બાળકો જ્યારે આવશે અને અમારી પાસે માગશે કે પિતાજી અમને પણ મીઠાઈ આપો, ત્યારે અમે એને મારીશું અને કહીશું કે તમે કઈ કમાવ છો ?

હું તો માસિક પાંચ હજાર રૂપિયા કમાઉ છુ, તેથી હું જ ખાઈશ. જો આપ એવી વ્યક્તિઓમાંના છો, જે પોતાનાથી નાંનાને, પોતાના બાળકોને અને પોતાના ઘરના સભ્યોને આપવાની ના પાડે છે અને કહે છે કે આપનો કોઈ હક, કોઈ ભાગ નથી.

અમે ક્માયા છીએ અને અમે ખાઈશું. જો આપ એવું વિચારો છો તો મારું માનવું છે કે આપ મનુષ્ય નથી. આપનું હૃદય મનુષ્યનું નથી. આપ પથ્થરના બનેલા હોવા જોઈએ કે ચટ્ટાનના બનેલા હોવા જોઈએ. જે અધિક ક્માય તો છે, પરંતુ પોતાના માટે જ સઘળું ખર્ચી કાઢે છે એ મનુષ્યોને બીજું હું શું કહી શકું ? એને ચોર કહો, ના બેટા, હું ચોર તો નહિ કહી શકું. પણ એક શબ્દ એમના માટે કહી શકું કે એ મનુષ્યો પથ્થરના બનેલા છે, ચટ્ટાનના બનેલા છે. લોખંડના બનેલા છે. અષ્ટધાતુના બનેલા છે.

ભગવાનને એમનું હૃદય એવું બનાવ્યું છે, જેમાં નથી ક્યાંય દયા, નથી ધર્મ, નથી કોઈ ઈમાન, નથી ભગવાન.

## યજ્ઞીય જીવન એટલે હળીમળીને ખાવું

મિત્રો ! જે મનુષ્યોના દિલમાં ઈમાન અને ભગવાન હશે.

તેઓ સંપીને વહેંચીને જ ખાઈ શકે. એમને બીજાઓની કઠણાઈઓનો ખ્યાલ હોય છે.

તેઓ ચાર આંખોથી જોતા રહે છે કે આપણો પછાત સમાજ, આપણો દુખિયારો સમાજ, આપણો અવિકસિત સમાજ જો દુઃખી છે, તો આપણે કેવી રીતે જીવવું જોઈએ ?

આપણે સાધારણ ભારતીય – મધ્યમવર્ગીય ભારતીય જેવું જીવન વ્યતીત કરવું જોઈએ. સામાન્ય ભારતીય જે પ્રમાણે જીવન પસાર કરે છે, તે રીતે આપણો ખર્ચ પણ થવો જોઈએ. આવક જે કંઈ પણ હોય, બાકી જે વધશે એનું શું કરીશું ? જમા કરીશું ણ ના બેટા, સંગ્રહ ન કરીશ. શું કરીશ  પરિગ્રહ.

પરિગ્રહ એને કહેવાય જ્યાં સંગ્રહાખોરી કરવામાં આવતી હોય અને અકર્મણ્યતા એને કહેવાય જે કમાણી કરતા નથી. જે કમાતો નથી કામ કરતો નથી, એ મનુષ્ય અકર્મણ્ય છે. જે મનુષ્ય કામ નથી કરતો એને હરામખોર કહે છે અને જે મનુષ્ય જમા કરે છે, સંગ્રહ કર્યા કરે છે, પોતાના માટે જ ખર્ચ કરે છે, એ મનુષ્ય વિલાસી છે અને તે પથ્થરનો બનેલો છે. તે કોણ છે ?

જમાખોર, સંગ્રહખોર અને કામચોર. બંનેય આધ્યાત્મિક દૃષ્ટિએ અપશબ્દો છે. ભૌતિક દૃષ્ટિએ અપશબ્દો કોઈ પણ હોઈ શકે. ભૌતિક દૃષ્ટિએ મા-બહેનની ગાળ હોઈ શકે છે. બેવકૂફ, નાલાયક પણ હોઈ શકે છે. ગધેડો, ઘુવડ પણ હોઈ શકે છે, પરંતુ આધ્યાત્મિક ભાષામાં આપે કોઈને ગાળ દેવી હોય અથવા સાંભળવી હોય તો બે જ ગાળ છે. એક ગાળ છે – જેમાં મનુષ્યને હરામખોર કહેવામાં આવ્યો છે. એવી વ્યક્તિ-એવો મનુષ્ય જે મહેનત મજૂરી નથી કરતો, કમાતો નથી. બીજી ગાળ છે, જેને અમે સંગ્રહખોર – જમાખોર કહીએ છીએ.

સંગ્રહખોરનો અર્થ એવો થઈ શકે કે કાં તો જમા કરતો રહે – સંગ્રહ કરતો રહે અને જરૂર કરતાં વધારે પોતાના માટે વાપરતો રહે.

## વિતરણ – એક મહત્વપૂર્ણ શિક્ષણ :

મિત્રો ! આપણા પુરોહિત આપણને બે બાબતો શિખવાડે છે, આપણા પુરોહિત સંગ્રહ નથી કરતા. જે કંઈ પણ એની પાસે આવે છે, તે જમા નથી કરતાં. આપે હવન કર્યો હતો ?

હા સાહેબ! હવન કર્યો હતો. અમે કહ્યું – યજ્ઞ ભગવાન બતાવો આપે શું શું જમા કર્યું છે ? સવારે અમે એક કિલો ઘી હોમી દીધું હતું. તે તો આપે આપની પાસે ડબ્બીમાં સંગ્રહ કરીને રાખ્યું હશે.

ના, જોઈ લો, ભાઈસાહેબ અમારી પાસે કશું નથી. આપ તલાશી લઈ લો. નહિ સાહેબ. આપે બેંકમાં

જમા કરેલું છે અને આપની પાસે સોનું છે જેને આપે જમીનમાં દાટીને રાખ્યું છે. ભાઈ સાહેબ, અમારી પાસે કશું નથી. આપ શોધ કરી શકો છો. આ કોણ કહે છે ? યજ્ઞ કહે છે. પછી અમે એમ પૂછીએ છીએ કે સવારથી સેંકડો મનુષ્યો આપનો હવન કરી રહ્યા હતા, કોઈ મીઠાઈ ખવડાવતું હતું. કોઈ કેળાં ખવડાવતું હતું, કોઈ સામગ્રી ખવડાવતું હતું.

બધી જગ્યાએથી ઢગલાબંધ કમાણી થઈ રહી હતી. એનું શું થયું ? યજ્ઞ ભગવાન કહે છે કે અમે એને વહેંચી દઈએ છીએ. જેમ જેમ આવ્યું તેમ તેમ તેને અમે તરત જ વહેંચી દીધું. આપે આહુતિ આપી અને અમે તરત જ હવામાં ફેલાવી દીધી. આપે અમારી અંદર સાકર નાંખી અને અમે એને તરત જ હવામાં ફેલાવી દીધી. આપે અમારી અંદર સુવાસિત પદાર્થો નાખ્યા અને અમે તરત જ વિખેરી દીધા. જમા નથી કર્યા સંગ્રહ નથી કર્યો. આપ તપાસ કરી લો. "ભસ્માતં શરીરં" આપ જોઈ લો, અમારી પાસે રાખ છે, એના સિવાય બીજું કશું જ નથી.

### ભગવાન આવ્યા કે નહિ – આચરણમાં

મિત્રો ! યજ્ઞીય જીવન આ પ્રકારનું હોવું જોઈએ !

યજ્ઞીય જીવનની આ પરંપરા જો આપના વ્યક્તિગત જીવનમાં હોય તો હું આપને સંત કહીશ અને ઋષિ કહીશ. આપ ભજન ઓછું કરો છો, તો કરો, કોઈ મહત્વની બાબત નથી. ભજન-પૂજન નથી કરતા તો બેટા, હું આપની સાથે ભજન-પૂજન વિશે ચર્ચા નથી કરતો. હું તો એક હેં છે કે "Work is Workship" અર્થાત્ કામ એ જ પૂજા છે. આપને યાદ છે કે નહિ,

હું મનુષ્યની પૂજાને માળાથી ગણવા નથી માંગતો, પરંતુ હું એ જોવા માગું છું કે ભગવાન આપના જીવનમાં આવી ગયા કે નહિ.આપના આચરણમાં – વર્તમાં આવી ગયા કે નહિ ?

આપના આચરણમાં વર્તનમાં આવી ગયા કે નહિ ણ આપના આચરણમાં જો ભગવાન નથી, આપના મનમાં જો ભગવાન નથી, ચિંતનમાં ભગવાન નથી, તો આપના માળાવાળા ભગવાન, પૂજાની ઓરડીમાં બેઠલા ભગવાન અને બાજઠ પર બેઠેલા ભગવાન શું કામના ?

હું નથી જાણતો કે એનો પણ કોઈ ઉપયોગ હશે કે કેમ? આવો ભગવાન કદાચ મન બહેલાવવાના કામમાં આવતો હોય, કારણ કે મનુષ્ય તબિયત બહેલાવવી એ પણ એક વાત છે, થાકેલો મનુષ્ય, હેરાન મનુષ્ય, ઘરથી પરેશાન મનુષ્ય કોઈ વખત નશો કરીને પણ પોતાનાં દુઃખ ભૂલી જાય છે. આપના આત્માને પણ દૃ:ખ ભૂલવા માટે કદાચ ત્રણ માળા કરવાથી કામ ચાલી જાય કે જેથી આપ આત્માની ભૂખ અને આત્માના અવાજને છેતરી શકો. એટલે શક્ય છે કે આપના ત્રણ માળા જપ કરવાનું દુઃખ ભૂલવા માટે કોઈ કામમાં આવી શક્તું હોય, પરંતુ વાસ્તવમાં એ કંઈ કામ આવતું નથી. આપના માળા – જપ ત્યારે જ કામમાં આવશે, આપના ભજન ત્યારે જ

કામમાં આવશે, અગ્નિહોત્ર પણ ત્યારે જ કામમાં આવશે, જ્યારે અગ્નિહોત્રના તમામ સિદ્ધાંતોને કોઈને કોઈ રીતે, પૂરેપૂરા નહિ તો થોડા ઓછા પણ આપના જીવનમાં સમાવાયેલા હોય. આપણા પુરોહિત આ છ શિખામણ આપે છે. જો યજ્ઞ કરનાર પોતાના જીવનમાં આ છ શિખામણોની સ્વીકાર કરે અને યજ્ઞ કરાવનાર, યજ્ઞના સિદ્ધાંત અને એના તત્વદર્શનનો ફેલાવો કરનાર આ સિદ્ધાંતોનો વિસ્તાર – ફેલાવો કરવા માંડે, તો હું આપને કહું છું કે જેનાં આપણે સ્વપ્નો જોઈએ છીએ, તમામ પરિસ્થિતિઓ દુનિયામાં પેદા થશે.

યજ્ઞાગ્નિ આપણને સમાનતા તરફ લઈ જાય છે.

મિત્રો ! આ જ દેવત્વ છે. મનુષ્યની અંદર દેવત્વ પ્રગટાવવાનું મારું સ્વપ્ન છે. જે અમે આપને કહી રહ્યા છીએ, તે જ દેવત્વનાં લક્ષણ છે. સક્રિયતા દેવત્વનું લક્ષણ છે. મનુષ્યનું જ્ઞાની થવું દેવત્વનું લક્ષણ છે.

મનુષ્યનું મસ્તક અને મગજ ઊર્ધ્વ રહે એ દેવત્વનાં લક્ષણો છે. જ્ઞાની મનુષ્યોને પોતાના જેવા બનાવવા, એ દેવત્વનું લક્ષણ છે. સમાનતાના સિદ્ધાંતોને ગ્રહણ કરવાની બાબત દેવત્વનાં લક્ષણો છે. આપ સમજતા નથી કે જાતિના આધારે, લિંગના આધારે, ધનના આધારે જે અસમાનતા ફેલાયેલી છે, એ કેટલીય ખરાબીઓની જડ છે. લિંગના આધારે અસમાનતા એ કે આ સ્ત્રી છે અને આ પુરુષ છે. મૂછ છે તો પુરુષ છે અને નથી તો સ્ત્રી છે, તો બેટા, અમે શું કરી શકીએ. આપનામાંથી ઘણા પુરુષોને મૂછ નથી.

અમે પણ સ્ત્રી છીએ, તો બેટા, એથી આપનો શું અર્થ -મતલબ છે પુરુષ-પુરુષ સરખા હોય છે. તેથી તેમના અધિકારો પણ એક સરખા હોવા જોઈએ. પુરુષ-પુરુષ એકસરખા હોય છે, પુરુષ પુરુષના હુકમ, એમની મર્યાદા અને પરાક્રમો પણ એકસરખાં હોવાં જોઈએ. મિત્રો ! આ શું છે ? અગ્નિનું, યજ્ઞનું શિક્ષણ – શિખામણ છે. અગ્નિ સામ્યવાદી છે અને આ બધા સામ્યવાદીઓ - કમ્યુનિસ્ટ છે.

નહિ સાહેબ, કમ્યુનિસ્ટ નથી, અધ્યાત્મવાદીછે. ચાલો – મેં એમ પણ માની લીધું કે સમાનતાની બાબતમાં અધ્યાત્મવાદી અને કમ્યુનિસ્ટમાં કોઈ ખાસ ફરક નથી. ત્યાં પણ આ કહે છે – "આત્મવત્ સર્વભૂતેષુ" – 'બધાને તમારા જેવા માનીને ચાલો' પ્રત્યેક મનુષ્યને પોતાની કક્ષાનો – બરાબરીનો દરજ્જો આપો. બેટા, આ સમાનતાનો સિદ્ધાંત છે. પછી ભલે સમાનતા આધ્યાત્મિક હોય કે ભૌતિક, સામ્યવાદીઓની સમાનતા હોય કે અધ્યાત્મવાદીઓની સમાનતા હોય, બંને પ્રકારની સમાનતા જ્યાં આપણા યજ્ઞાગ્નિ આપણને લઈ જાય છે, ત્યાં જ લઈ જાય છે. જાતિવાર અલગતા, લિંગવાર અલગતા, ધનગત ભિન્નતા, ઊંચનીચની ભાવનાઓ જ્યાં આવે છે, ત્યાં અધ્યાત્મ મનાઈ ફરમાવે છે અને આપણા પુરોહિત નિષિદ્ધ ગણાવે છે.

આ માન્યતામાં સચ્ચાઈ નથી. અવાસ્તવિકતા છે. અશ્રદ્ધાવાળી આ માન્યતાઓ આધ્યાત્મિક ન હોઈ શકે.

### આ છે યજ્ઞનો જ્ઞાનમાર્ગ :

મિત્રો ! વ્યક્તિનું અને સમગ્ર સમાજનું નિર્માણ કરવા માટે આપણને આ છ સિદ્ધાંતો આવશ્યકતા છે. જેની મેં આપ સમક્ષ રજૂઆત કરી. યજ્ઞની આ કઈ બાજુ છે ? ક્યો પક્ષ છે ? જ્ઞાનપક્ષ.

જો આપ જ્ઞાનપક્ષનો ફેલાવો કરી શકો, તો નવી વ્યક્તિનું ઘડતર કરવા માટે, મનુષ્યની અંદર રહેલા દેવત્વને જાગ્રત કરવામાં અને નવા સમાજને નિર્માણ કરવામાં આપણને પૂરેપૂરી સફળતા મળી શકે છે.

જો આ છ જ વસ્તુ – પદાર્થ દુનિયા સમક્ષ આવી જાય તો મનુષ્યમાં દેવત્વ ઉન્પન્ન કરતાં વાર નહિ લાગે, આ પાંચ અધ્યાયવાળી સત્યનારાયણની કથા છે.

ગુરુજી ! હમણાં તો આપ પાંચ કહી રહ્યા હતા. બેટા પાંચ કહે છે કે છ , વાત એક જ છે. પરિગ્રહ અને વિતરણ, અપરિગ્રહ અને વિતરણ બંને જોડાયેલાં છે. ના સાહેબ ! તે બે છે. બેટા, બે માની લે, છ માની લે. આપની સાથે કોણ ઝઘડે, બસ વાત પૂરી થાય છે. યજ્ઞનો જ્ઞાનવાળો પક્ષ, અગ્નિહોત્રનો જ્ઞાનવાળોપક્ષ, અગ્નિહોત્રનો જ્ઞાનવાળો પક્ષ જેની આપણે પૂજા કરીએ છીએ, જેને આપણે વેદી પર મૂકીએ છીએ અને એમ કહીએ છીએ કે પુરોહિત ! અમને આ શિક્ષણ આપો. અમે અગ્નિહોત્ર પણ કરશું અને આપની સલાહને અમારા જીવનમાં ઉતારવાની અને આ સિદ્ધાંતોને સમગ્ર દુનિયામાં ફેલાવવાની કોશિશ પણ કરીશું. આ જ આપણા અગ્નિહોત્રનો આધ્યાત્મિક ઉદ્દેશ છે.

### પ્રદૂષણ નિવારણવાળો વિજ્ઞાનપક્ષ

હવે આપ એનો વિજ્ઞાનપક્ષ સાંભળી શકો છો. કોનો ? યજ્ઞનો, જેનો અમે પ્રચાર કરવાના છીએ અને જેના માટે ચોવીસ લાખ પુરશ્ચરણ કરવા માટે આપને મોકલવાના છીએ.

દરેક જગ્યાએ આપને યજ્ઞ કરવાનો અને કરાવવાનો મોકો મળશે અને આપ વ્યાખ્યાન આપશો ત્યારે જનતા આપને પૂછશે કે આપ હવન શા માટે કરાવો છો ?

હવનથી શું લાભ થઈ શકે છે ?

જ્ઞાનપક્ષના નામે હું જે બાબતો તમારી સમક્ષ કરું છું, તે આપ લોકોને બતાવી શકો છો, હવે યજ્ઞની એક બીજો પક્ષ શરૂ થાય છે. યજ્ઞનો અગ્નિહોત્રનો વિજ્ઞાનપક્ષ શું છે, બેટા, યજ્ઞનો વિજ્ઞાનપક્ષ એ છે કે આપણે આ સંસારમાં ગંદકી ફેલાવી રહ્યા છીએ. આપ ધારો કે આ સંસાર એક સારું તળાવ છે.

આ તળાવમાં આપણું શું કામ છે ? જે દિવસે આપણો જન્મ થયો ત્યારથી જ આપણે ગંદકી

ફેલવી રહ્યા છીએ. કેવી ગંદકી ફેલાવીએ છીએ ? આપણા શરીરમાં જેટલા પણ છિદ્ર છે, તે બધાં ગંદકી બહાર ફેકેં છે. આપણા મોંમાંથી થૂંક નીકળે છે. નાકમાંથી જે શ્વાસ નીકળે છે તે આપ જાણી લો, એમાં ગંદી -ખરાબ હવા હોય છે. આપણે ઓક્સિજન લીધા કરીએ છીએ અને આપણું નાક એટલી જ ખરાબ હવા બહાર કાઢતું રહે. આપણા મોંમાંથી બદબૂ નીકળે છે. અને કફ પણ નીકળ્યા કરે છે, લાળ નીકળે છે અને પાણી પણ નીકળે છે. નીચેના ભાગો તો સતત ગંદવાડ ફેલાવ્યા કરે છે. એક કાણું મળ બહાર કાઢયા કરે છે અને એક પેશાબ બહાર કાઢયા કરે છે. બીજાં છિદ્રો પરસેવાની દુર્ગંધ ફેલાવે છે.

આપણા શરીરમાં ઢગલાબંધ છિદ્રો છે. જે બધાં જ દુર્ગંધ ફેલાવે છે, મનુષ્ય શું કાઢે છે ? દુર્ગંધ. મનુષ્ય શું છે ? દુર્ગંધ. એટલા માટે તે કમભાગીને વારંવાર સ્નાન કરાવવું પડે છે. ક્યારેક તેલ ચોપડવું પડે છે, ક્યારેક પાઉડર લગાડવો પડે છે. ક્યારેક અત્તર ચોપડવું પડે છે.

### દુર્ગંધ ફેલાવે છે – મનુષ્ય

મિત્રો ! આ દુર્ગંધનો ભંડાર છે. ક્યાંક એવું ન બને કે એની વાસ્તવિકતાની જાણ થઈ જાય એટલા માટે ઉપર લીંપણ કર્યા કરે છે. ગંદી જગ્યાઓ પર ફિનાઈલ નાંખ્યા કરે છે, જેની ગંધથી દુર્ગંધ દબાઈ જાય છે. ફિનાઈલ નાંખવાનું આ જ કારણ છે.

હા સાહેબ ! આ જ કારણ છે. અને બેટા, આ જે સેન્ટ લાવ્યા કરે છે, એ શા માટે લગાવે છે ? એટલા માટે કે આ શરીરમાંથી ચોવીસ કલાક જે દુર્ગંધ નીકળ્યા કરે છે એને કોઈ રીતે દબાવી – છૂપાવી દઈએ કે જેથી બીજા લોકોને ખબર ન પડે. શ્વાસમાંથી દુર્ગંધ આવે છે તેની પાન ખાઈએ છીએ. ઈલાયચી ચાવીએ છીએ. બીજી ઘણી ચીજો ચાવતા રહીએ છીએ, કારણ કે મોંમાંથી દુર્ગંધ નીકળી રહી છે. જેને કોઈ પણ રીતે રોકવામાં આવે. સારું હવે હું સમજી ગયો.

ચોવીસેય કલાક દુર્ગંધ ઓકતો માણસ – સમગ્ર વાતાવરણમાં કેટલી ગંદકી ફેલાવતો હશે. આપ બેસીને શાંતિથી ક્યારેય હિસાબ માંડો અને ગણિતના હિસાબથી જુઓ તો પ્રતિપળ મનુષ્ય તમામ છિદ્રો દ્વારા જેમાં પરસેવાના છિદ્રોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, તેમાંથી કેટલી બધી દુર્ગંધ નીકળે છે અને મનુષ્ય આખી જિંદગીમાં કેટલા બધી દુર્ગંધ ફેલાવે છે.

### યજ્ઞ એક રીતે 'સ્વચ્છતા કર' છે.

મિત્રો ! આપના શરીરમાંથી ચોવીસેય કલાક દુર્ગંધ ફેલાતી રહે છે આપ એના માટે 'સ્વચ્છતા કર' ચૂકવો.

'સ્વચ્છતા કર' જરૂરી છે ? હા ભાઈસાહેબ, સ્વચ્છતા કર આવશ્યક છે. જો આપ 'સ્વચ્છતા કર' નહિ ચૂકવો તો જકાતનાકાવાળા આપની ધરપકડ કરશે, સમાજ આપની નિંદા કરશે અને આપ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ ગુનેગાર સાબિત થશો.

તેથી આપ કર ચૂકવો, જેથી જે હવામાંથી આપે સ્વચ્છ હવા લઈને દૂષતિ હવા પેદા કરી દીધી છે, એના સ્થાને એનું કરજ ચૂકવવા, સમતોલન જાળવવા માટે આપે કર ચૂકવી દેવાનું જરૂરી છે.આ શું છે ?

આ વિજ્ઞાન છે ગંદકી-દુર્ગંધને દૂર કરવા માટે સુગંધ ફેલાવવી. એ શું છે ? એ આપણી ફરજ છે અને આપણું નાગરિક તરીકેનું કર્તવ્ય છે. જેથી સમાજમાંથી જ્યારે આપણે વિદાય લઈએ તો આપણું બેલેન્સ બરાબર થઈ જાય.

દુર્ગંધ કેટલી ફેલાવી ? સો મણ. સો મણ સુગંધ તો આપણે નહિ ફેલાવી શકીએ. તો પણ ચાલો નવ મણ તો ફેલાવો. ધર્મ તો છે કે આપણે સુગંધ ફેલાવવી છે. આમાં વધુ દુર્ગંધથી ગંદકીથી જે નુકસાન થાય છે એને પણ પૂર્ણ કરવાનું છે. આ જરૂરી છે., ફરજિયાત છે. એટલા માટે આપણે ત્યાં સૂચવવામાં આવ્યું છે કે દરેક વ્યક્તિ માટે યજ્ઞ એક દૈનિક કાર્ય છે. કારણ કે મનુષ્ય ગંદકી રોજ ફેલાવે છે, એટલા માટે સુંગંધ માટે પણ રોજ પ્રયત્ન કરવો જોઈએ. આ વાયુ સંશોધનનું એક નંબરનું કામ થયું. આને લીધે, વિજ્ઞાનની દૃષ્ટિએ આપણા માટે એ જરૂરી છે કે જો આપ હવન નહિ કરો, વાયુને સ્વચ્છ નહિ કરો, તો આપ જોજો હવામાં પ્રદૂષણની ફરિયાદ રોજેરોજ વધતી જશે. યંત્રો, ગંદકી ફેલાવે છે, કારખાનાં ગંદકી ફેલાવે છે. તે તો ફેલાય છે જે છે, પરંતુ આટલા મનુષ્યો દ્વારા ચારસો કરોડ મનુષ્યો દ્વારા કેટલી ગંદકી ફેલાય છે. જો આપે હિસાબ માંડયો હોત તો આપને સમજાઈ જાત. હું માનું છું કે કારખાનાં ગંદકી ફેલાવે છે, પરંતુ મનુષ્યો પણ ખૂબ ગંદકી ફેલાવે છે. મનુષ્યો દ્વારા ગંદકી ફેલાવવાનું નિરાકરણ કરવું એ આપણું નાગરિક કર્તવ્ય છે, સામાજિક કર્તવ્ય અને આપણું નૈતિક કર્તવ્ય છે અર્થાત્ યજ્ઞ આપણું નૈતિક કર્તવ્ય છે.

મિત્રો ! આપણું એક બીજું કર્તવ્ય પણ છે અને તે છે આપણી ભાવના. આપણી પાસે આધ્યાત્મિક ભાવના હોવી જોઈએ. એટલે ? એટલે કેઆપણે વહેંચીને ખાઈશું એ વાતનું બરાબર ધ્યાન રહેવું જોઈએ. વહેંચીને ખાવાની રીત શું હોઈ શકે ?

બેટા, વહેંચીને ખાવાની રીત યજ્ઞથી વધારે શાનદાર બીજી કોઈ હોઈ ન શકે. કેવી રીતે ? એવી રીતે કે તમે હવનમાં જે કંઈ હોમ્યું તેનું શું થયું ? સાહેબ ! તે તો બળીને નષ્ટ થઈ ગયું ? આ વાત તો તમે તમારી આંખોના હિસાબે કહી શકો છો, પરંતુ વિજ્ઞાનની દૃષ્ટિએ એવું નથી. કારણ કે સંસારમાં જે કંઈ મેટર અથવા પદાર્થ છે તેનો ક્યારેય નાશ થતો નથી.. માત્ર તેનું સ્વરૂપ બદલાતું રહે છે. દુનિયાના તમામ પદાર્થો ત્રણ રૂપોમાં બદલાતા રહે છે, ઘન, પ્રવાહી અને વાયું. આ ત્રણેમાં જ અદલાબદલી થયા કરે છે. પાણી ક્યારેક બરફ બની જાય છે. તેને તડકામાં મૂકવામાં આવે તો ફરીથી પાણી બની જાય છે. આગ પર મૂકવામાં આવે તો વરાળ એટલે કે વાયુ બની જાય છે. પાણી કયાં છે ? છે તો ખરું, પણ તે કયારેય બરફ બની જાય છે, તો કયારેક પીવાલાયક પાણી બની જાય છે, તો ક્યારેક હવા બનીને અદૃશ્ય બની જાય છે. પાણી કયાંય જતું

નથી, માત્ર સ્વરૂપ બદલતું રહે છે. તે નાશ પામતું નથી. આપણે જે પદાર્થોનો હવન કરીએ છીએ, તે પદાર્થો વાયુભૂત બની જાય છે. વાયુભૂત થયા પછી તેનું શું થાય છે ? તેમાં દરેક વ્યક્તિ ભાગીદાર બની જાય છે. આ બધી ચીજોને જયારે આપણે હવન દ્વારા હવામાં છોડીએ છીએ ત્યારે તે દરેક વ્યક્તિના ખાવાના કામમાં આવી શકે છે. દરેક પ્રાણીના શ્વાસમાં જાય છે. ઋષિકો અને સંતોના પણ કામમાં આવે છે. દુનિયામાં જેટલા સારા સારા માણસો છે તે બધા સુધી આપણી વસ્તુઓ જઈ શકે છે.

## યજ્ઞં ઉ દેવાનામ્ અન્ન :

ગુરુજી ! અમારે તો તમને ભોજન કરાવવું છે. તમે અમારા ઘેર આવો, તો અમે તમને ભોજન કરાવીએ.

ના ભાઈસાહેબ ! હું તો કયાંય પણ જમતો નથી. તમે એક વાર મહેરબાની કરીને ભોજન કરો તો અમે અમારા હાથે બનાવીને ખવડાવીએ. બેટા, હું તો કોઈના હાથનું ખાતો નથી, પછી તારા હાથનું કેવી રીતે ખાઉ ? તો તમે નહિ ખાઓ ?

ના બેટા, હું નહિ ખાઈ શકું. સાહેબ, અમારી તો ખૂબ ઈચ્છા હતી કે તમને ભોજન કરાવીએ, હા, બેટા, તારી ઈચ્છા છે, પણ હું શું કરું ? મારી પણ કેટલીક મર્યાદાઓ છે, નિયમો છે.

ચોવીસ વર્ષોમાં અનેક લોકોએ કહ્યું હતું કે તમે અમારે ત્યાં ભોજન કરો, પણ બેટા હું તો જવની રોટલી ખાય છું. તો અમે જવ મંગાવી દઈએ. ના બેટા, હું તમારું ન ખાઈ શકું, મારે મારું જ ખાવું જોઈએ. તમે નહિ ખાઓ ?

ના, નહિ ખાઉ. તો તમે આભડછેટમાં માનો છો ના, હું આભડછેટમાં માનતો નથી, પણ ખાઈશ નહિ. ભલે તમે ના ખાઓ તો તમારા ગુરુજી ખવડાવી દેજો. બેટા, મારા ગુરુજી પણ અનાજ ખાતા નથી. ના સાહેબ, અમારી તો ઈચ્છા છે કે આવા મહાત્મા જો અમારું ભોજન ખાઈ લે તો ખૂબ મોટું પુણ્ય મળી શકે, તો બેટા, ખવડાવવાની એક બીજી રીત છે. કઈ રીત છે ? તું એવું કર, જે પણ વસ્તુ તારે ખવડાવવી હોય તેનો તું હવન કરી દે.

હવન કરવાથી તે વસ્તુ હવામાં ફેલાઈ જશે અને દુનિયામાં જેટલા પ્રાણીઓ છે તે દરેકના ભાગે પહોંચી જશે. પ્રમાણ ઓછું હોય કે વારે તેની ચર્ચા હું તમારી સાથે કરતો નથી, પરંતુ તમારી વસ્તુના ભાગીદાર બધા થઈ જશે.

## આખી દુનિયાની ભાગીદારી :

તો મહારાજ ! તમારા ગુરુ પણ ભાગીદાર થઈ જશે ?

હા, મારા ગુરુજી પણ તમારું ભોજન જરૂરથી ખાશે. ના નહિ પાડી શકે.તમે પણ ખાશો ? હા બેટા, હું પણ ખાઈશ, ઈચ્છાથી કે વગર ઈચ્છાથી પણ ખાઈશ. નાકમાંથી વાયુ અંદર જશે, જેમાં તમારું ઘી પણ ભળેલું હશે, તેમાંથી તેને અલગ કેવી રીતે કરી શકું ?

આથી તે મારા શ્વાસમાં પણ આવી જશે. પ્રાણીઓથી લઈને પશુપક્ષીઓ સુધી, સંતો-ઋષિઓથી લઈને સિદ્ધ પુરુષો સુધી આખી દુનિયામાં ચારસો કરોડ લોકો રહે છે, તે બધાં સુધી તેમ જ ચોર્યાસી લાખ યોનિઓમાં કોણ જાણે કેટલાં પ્રાણીઓ રહે છે, જેની ગણતરી થઈ શકે તેમ નથી તે બધાં જ પ્રાણીઓને જો ભોજન કરાવવું હોય, આખા વિશ્વને જો બ્રહ્મભોજ કરાવવું હોય તો તમે હવન કરો, યજ્ઞ કરો, અગ્નિહોત્ર કરો, તે દિવસે હું તમને રાજા ભોજની કથા વાર્તા કહી રહ્યો હતો કે એક દિવસ તેને પણ આખા નગરને આ રીતે ભોજન કરાવવાની ઈચ્છા થઈ હતી.

જો તમે પણ આખા વિશ્વને ભોજન કરાવવા માગતા હો કે મારે આખી દુનિયાના દરેક પ્રાણીને ભોજન કરાવવું છે. કેટલું ખવડાવશો તેની ચર્ચા હું કરતો નથી કે તમે રતીભાર ખવડાવ્યું કે એક કિલો ખવડાવ્યું, પણ આખું વિશ્વ તેનું ભાગીદાર જરૂર બની જશે, તમારા હવન દ્વારા દરેક માણસ સુધી તેનો ભાગ પહોંચી ગયો અને તેમણે ખાઈ લીધું. શું આવી રીતે હોઈ શકે છે ? હા બેટા, એવી રીત યજ્ઞની જ હોઈ શકે છે, જેમાં આપણે આખી દુનિયાને પોતાને ત્યાં બોલાવીને તેને જમાડી શકીએ છીએ.

## યજ્ઞોપથી એક શાનદાર ચિકિત્સાપદ્ધતિ

ગુરુજી ! હવન બીજા ક્યા કામમાં આવે છે ?

બેટા, હવન બીજાં અનેક કામોમાં આવી શકે છે. શારીરિક – માનસિક રોગોના નિવારણમાં પણ કામ આવી શકે છે. જ્યારે હું ઉંડાણથી વિચાર કરું છું ત્યારે સમજાય છે કે યજ્ઞ ચિકિત્સા પદ્ધતિ જેટલી શાનદાર હતી તેવી પદ્ધતિ બીજી કોઈ બની નથી.

યજ્ઞોપથીથી બીમારીઓને દૂર કરવા માટે બરેલીના એક પ્રખ્યાત ડોકટર કુન્દનલાલ અગ્નિહોત્રીએ ઘણુંબધું રિસર્ચ કર્યુ હતું. જ્યારે તેઓ જબલપુરમાં સિવિલ સર્જન હતા ત્યારે તેમણે પ્રયોગો કર્યા હતા.

બરેલીમાં આવીને તેમણે ફરી ઘણું બધું રિસર્ચ કર્યુ અને શોધી કાઢયું કે અસાધ્યમાં અસાધ્ય બીમારીઓ પણ યજ્ઞોપથીથી મટી શકે છે. બેટા, યજ્ઞનું વિજ્ઞાન લુપ્ત થઈ ગયું છે. જો ફરીથી તે વિજ્ઞાનને ઉપયોગમાં લાવવામાં આવે તો હું માનું છું કે બીમારીઓ મટાડવાનો તેનાથી સારો ઈલાજ બીજો કોઈ હોઈ ન શકે કેમ? એટલા માટે કે આજનું વિજ્ઞાન એ વાત પર ચાલી રહ્યું છે કે જે વસ્તુઓને જેટલી સૂક્ષ્મ બનાવી દેવામાં આવે તેટલી જ વધારે ફાયદાકારક નીવડે છે. તમારામાંથી કોઈએ હોમિયોપથી વિશે વાંચ્યું હશે તો ખબર હશે કે વસ્તુને જેટલી બારીક બનાવી દેવામાં આવે, સૂક્ષ્મ બનાવી દેવામાં આવે તેટલી જ તે વધારે શક્તિશાળી બની જાય છે. તમારામાંથી કોઈએ ડીશેનની દવા ખાધી હશે. ડીશેન કોણ હતો ?

બેટા, ડીશેન દક્ષિણની એક કંપની છે. તે એક પદાર્થને લઈને તેને એટલું બધું દળે છે કે તેને

ખૂબ જ બારીક બનાવી દે છે. તે કંપની કહે છે કે સૂક્ષ્મ બનાવ્યા પછી થોડીક અથવા નાની વસ્તુ પણ ખૂબ ફાયદાકારક બની જાય છે.

## સૂક્ષ્મીકરણનો ચમત્કાર :

મિત્રો ! મારા પિતાજી અમારા વિસ્તારના સારામાં સારા વૈદ્ય ગણાતા હતા.

પૈસા તો તેઓ કોઈની પાસેથી ક્યારેય લેતા ન હતા, પરંતુ જે ગામના લોકોનો ઈલાજ કરવામાં આવે તે ગામમાં સાંજના તેઓ તેમની મોટી ઘોડી પર બેસીને ફરવા નીકળતા હતા. દર્દીઓને તેમના ઘરે જઈને તપાસતા હતા, દવા આપતા હતા, પરંતુ કોઈની પાસેથી પૈસા લેતા નહોતા. તો પછી ગુજરાન કેવી રીતે ચાલતું હતું ?

જ્યારે ગામનો સુખી પરિવારનો માણસ સાજો થઈ જાય ત્યારે તેઓ ઈશારો કરી દેતા હતા કે મારી પાસે સત્યનારાયણની કથા કે ભાગવતની કથા કરાવી દો.

સારું પંડિતજી ! તમે અમારે ત્યાં કથા કરવા આવજો. કથામાં જે આપવું હોય તે આપજો, પણ દવાના પૈસા હું નહિ લઉં.

સારું પંડિતજી ! તો તમે અમુક દિવસે અમારા ગામમાં આવજો. આખા ગામમાં જાણ કરી દેવામાં આવે કે આંબલખેડાવાળા પંડિતજી આવી રહ્યા છે, તે બધા કથા સાંભળવા આવજો. કથામાં તમારે પણ જે મૂકવું હોય તે મૂકી દેજો. તમારા ઘેર પણ બે વાર આવી ચૂક્યા છે. ફી તો તેઓ એક પૈસો લેતા નથી, પરંતુ તમારી પણ કંઈક ફરજ છે. હવે કથા થઈ રહી છે ત્યારે તમે પણ કંઈ ભેટ મૂકજો. આમ, આખા ગામના લોકો કંઈક ને કંઈક ભેટ મૂક્તા હતા અને તે જમાનામાં રૂપિયો ખૂબ મોટો હતો ત્યારે એક એક ગામમાંથી પાંચ પાંચ રૂપિયા આવતા હતા. તેનાથી તેમણે ખૂબ મિલ્કત ખરીદી હતી. બે હજાર વીઘાં જમીન મૂકીને તેઓ મર્યા હતા. તે બધા જ પૈસા ભગવતની કથાઓમાંથી આવ્યા હતા. પછી તેઓ શું કરતા હતા. ખૂબ જ ભારે ઈલાજ કરતા હતા. તેમના ઈલાજનું તો શું કહેવું ? જે કોઈ આવે તેનો ઈલાજ સારી રીતે થતો હતો.

## ચોસઠ પ્રહરી પીપર

તેઓ શું કરતા હતા ? શું દવા આપતા હતા ? બેટા, તેમની પાસે એક દવા હતી. તેઓ ચોસઠ પ્રહરી પીપર બનાવતા હતા. ચોસઠ પ્રહરી પીપર કેવી રીતે બનાવવામાં આવે છે ? આ પીપરને ચોસઠ પહોર એટલે કે આઠ દિવસ સુધી સતત ઘૂંટવામાં આવતી હતી. સતત ઘૂંટવાનો મતલબ એક સેકન્ડ માટે પણ ખલમાં ઘૂંટવાનું બંધ થતું નહોતું.

ક્યારેક તેમાં આદુનો રસ નાખવામાં આવે તો ક્યારેક તુલસીનો રસ, તો ક્યારેક અમુક રસ નાખીને ઘૂંટતા રહેતા હતા. તે રસ સુકાઈ જાય તે પહેલાં બીજા કોઈ રસ નાખી દેતા હતા.

આવી રીતે ચોસઠ પહોર – આઠ દિવસ સુધી દવા બનતી હતી. ભાઈ સાહેબ ! દવા બની રહી છે, તમે તમારા ઘેરથી બે માણસને મોકલી દો. બસ, આવી રીતે ક્રમ પ્રમાણે લોકો આવતા અને

પોતાની ડ્યુટી બજાવતા હતા, આમ પીંપરીમૂળને ઘૂંટવાનું ચાલું રહેતું હતું. દવા જેટલી જોરદાર બનતી હતી, એટલી જ અસરકારક પણ રહેતી હતી. લોકો કહેતા કે પંડિતજીની દવામાં અમૃત છે.

આ અમૃત કેમ હતું ? તે ખૂબ જ સૂક્ષ્મ હતી. તેઓ પીપરને ખૂબ જ સૂક્ષ્મ બનાવતા હતા. મિત્રો, હું એ કહું છું કે કોઈ પણ રીતે સૂક્ષ્મીકરણનો સિધ્ધાંત લોકોના હાથમાં આવી જાય તો તમે વિશ્વાસ રાખો કે લોકોને દરેક જાતની બીમારી દૂર કરવાની એક ખૂબ સારી રીત હાથમાં આવી જશે.

હોમિયોપથીવાળા આ દિશામાં ચાલ્યા, ડિશેનવાળા આ દિશામાં ચાલ્યા. પ્રાચીનકાળના લોકો ચાલ્યા હતા, પરંતુ આગળ જતાં તે વિદ્યા લુપ્ત થઈ ગઈ. આજે આપણે જે દવાઓ ખાઈએ છીએ તે પેટમાં જાય છે, હજમ થયા પછી શરીરમાં પ્રવેશ કરે છે. જો તે હજમ ન થાય તો મળ સાથે બહાર નીકળી જાય છે. ત્યારે પછી ઈન્જેકશનનો પ્રયોગ અમલમાં આવ્યો. તેમાં દવાને ઈન્જેકશન દ્વારા લોહી સાથે ભેળવી દેવામાં આવી. તે પણ લોહીમાં ગયા પછી ફાયદો કરે છે કે નહિ ? ન થાય તો તે પણ મળ સાથે બહાર નીકળી જાય છે.

### ઔષધી પહોંચાડવાનું શ્રેષ્ઠ માધ્યમ

મિત્રો ! શરીરમાં દવા પહોચાડવાની બીજી એક રીત છે - શ્વાસ દ્વારા વાયુભૂત કરીને. જો આ રૂપમાં દવાને અંદર પહોંચાડી શકાય તો તે લોહી સુધી જ સીમિત નહિ રહે, પરંતુ જયાં લોહી કરતાં પણ બારીક જગ્યાઓ છે, ત્યાં પણ તે વાયુભૂત રૂપમાં પહોંચી જાય છે. હવા આપણા શરીરના દરેક ભાગમાં પહોંચી જાય છે. લોહી અમુક જગ્યાઅખે પહોંચે છે, અમુક જગ્યાએ પહોંચી શકતું નથી. હાડકાંના કેટલાક સખત ભાગો એવા છે કે જયાં લોહી પહોંચી શકતું નથી અથવા તો ખૂબ જ ઓછું પહોંચે છે, પરંતુ હવા ત્યાં પણ પહોંચતી હોય છે.

શરીરના કણોની વચ્ચે જે થોડી થોડી સ્પેસ છે તેમાં હવા ભરેલી રહે છે. હવા ન જાય તો સફાઈ થઈ શકે નહિ. પદાર્થોને આગળ ધકેલવા શક્ય ન બને અને જો શૂન્યાવકાશ થઈ જાય, વેક્યુમ થઈ જાય, હવા ન હોય તો શરીર જડ થઈ જાય, લાકડા જેવું બની જાય, લોઢા જેવું બની જાય.

### અસાધ્ય રોગીની પણ ચિકિત્સા

મિત્રો ! હું એ વાત કરી રહ્યો હતો કે પ્રાચીનકાળમાં યજ્ઞ એક એવું માધ્યમ હતું કે જેનાથી બીમારીઓ મટી જતી હતી. કઈ બીમારીઓ મટતી હતી ? ઘણી બધી બીમારીઓનો ઉલ્લેખ આવે છે. દશરથજીને ત્યાં કોઈ સંતાન નહોતું. ત્રણેય રાણીઓમાંથી કોઈને સંતાન નહોતું. શું કારણ હતું ? બેટા, એવી જ કોઈ બીમારી હશે. જયારે તેમની યજ્ઞનો ચરુ ખવડાવવામાં આવ્યો ત્યારે શું થયું ? તેમને સંતાનો થવા લાગ્યાં. આ શું વાત છે ? આ

યજ્ઞીય પરંપરાની વાત છે. આ સાધ્ય રોગોમાં પણ કામ આવી શકે છે. પહેલા પણ આવતી હતી અને હજુ આગળ જતાં પણ કામ આવવાની સંભાવના છે. પ્રાચીનકાળમાં યજ્ઞ એક વૈજ્ઞાનિક રીતે સારવાર કરવાની પદ્ધતિ હતી. મને લાગે છે કે આપણી આ સંસ્થા પણ આવનારા દિવસોમાં તેના માટે રિસર્ચ કરશે, સંશોધન કરશે. કદાચ અત્યાર સુધી જેટલી શોધો હોમિયોપથીએ કરી છે, એલોપથીએ કરી છે, આયુર્વેદે કરી છે તેમાં અમે પણ ખૂબ જ શ્રમ કર્યો છે, પરંતુ આવનારા દિવસોમાં અમે યજ્ઞોપથીનું ફરીથી રિસર્ચ કરવાના છીએ, કદાચ આવતા વર્ષથી જ અમે શરૂઆત કરી દઈશું. તેનાથી આપણે દુનિયાના કોઈ પણ રોગનું નિવારણ કરવા માટે ખૂબ સારી પધ્ધતિ અપનાવી શકીશું. અત્યારે પણ યજ્ઞની જે કોઈ રીત છે તેમાં હવે હવનની નજીક જતા રહો, હવનમાં બેસતા રહો તો તેનાથી તમારી ઘણી બધી બીમારીઓ મટી શકે છે.

### યજ્ઞ દ્વારા સોળ ઈંજેકશન :

પ્રાચીનકાળમાં યજ્ઞ માનસિક બીમારીઓની સારવારમાં પણ ઉપયોગમાં આવતો હતો. – “મહાયજ્ઞૈશ્ચ યજ્ઞેશ્ચ બ્રાહ્મીય ક્રિયતે તનુઃ – હવનના સંપકમાં આવવાથી માણસનું દિમાગ, માણસની સમજણ અને માણસની બુધ્ધિમાં ખૂબ ફરક પડી શકે છે. અત્યારે બુધ્ધિ વધારવાની કોઈ દવા નથી. ગાંડપણની દવાઓ તો છે. જયારે કોઈ માણસ ગાંડો થઈ જાય છે, તો મેન્ટલ હોસ્પિટલવાળા વીજળીનો કરંટ આપે છે. એપીલેપ્સી કે વાઈ જેવાં ચક્કર આવે તો તેમાં ટ્રેન્કવીલાઈઝરની જેમ ઘણી બધી હલકી કે તેજ જાતની દવાઓ છે. આવી રીતની તેજ નશીલી દવાઓ ખવડાવતા રહે છે, જેના કારણે માથામાં ચક્કર આવવાની બીમારીમાં, વાઈ આવવાની બીમારીમાં રાહત થાય છે. આ શું વસ્તુ છે ? બેટા, આ ખેંચ જેવી બીમારી છે. જેને તેની અસર થાય છે તેનો કોઈ ઈલાજ પણ નથી. માણસને ગુસ્સો આવે છે, તે સ્વાર્થી હોય છે, ચોર છે, ચાલાક છે, ષડ્યંત્ર કરતો રહે છે, ઈર્ષ્યાથી બળ્યા કરે છે. આ એક માનસિક બીમારી છે. આજે તેનો કોઈ ઈલાજ નથી. પ્રાચીનકાળમાં તેનો ઈલાજ હતો અને તે હતો યજ્ઞીય ઈલાજ. યજ્ઞના સંપર્કમાં આવવાથી માણસના વિચારો સારા થઈ જતા હતા. આથી માણસને સોળ વખત યજ્ઞ પાસે જવું પડતું હતું. આમ, એક રીતે માણસે સોળ ઈન્જેકશનો મુકવવાં પડતા હતાં, જેથી તેનું માનસિક સ્તર સારું રહે.

### દેવભૂમિ ભારતની સમગ્ર ચિકિત્સાપધ્ધતિ

મિત્રો ! ભારતની ભૂમિને દેવભૂમિ બનાવવામાં અને ભારતની નાગરિકને દેવતુલ્ય બનાવવામાં જયાં શિક્ષણનો પ્રસંગ હોય કે બીજી બાબતોનો પ્રસંગ હોય ત્યારે મને લાગે છે કે તેની સાથે લોકો યજ્ઞીય પ્રક્રિયાના સંપર્કમાં આવે તેવો ખ્યાલ પણ રહ્યો હશે, કારણ કે દરેક માણસને બ્રાહ્મણનાં જે છ કર્મો હતાં તે કરવાં જરૂરી હતાં.

તેમાંનું એક યજ્ઞ કરવાનું અને યજ્ઞ કરાવવાનું પણ હતું. યજ્ઞ કરવો એ દરેક વર્ણનું કર્તવ્ય હતું,

દરેક વ્યક્તિનું કર્તવ્ય હતું. બલિવૈશ્વ દરેક માટે અનિવાર્ય કર્તવ્ય હતું.

માત્ર તહેવારો, સંસ્કારો એકેક પર્વો વખતે જ નહિ, પરંતુ દૈનિક જીવન, રોજિંદા જીવનમાં પણ દલિવૈશ્વ કરવો એ અનિવાર્ય હતું. જે દલિવૈશ્વ કરવા માટે અમે પ્રચાર કરીએ છીએ અને તેને દૈનિક જીવનમાં સામેલ કરવા માટે કહીએ છીએ, તે આપણી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બીમારીઓને દૂર કરે છે.

જો કે આધ્યાત્મિક બીમારીઓ તો કંઈક જુદી જ હોય છે, જેને આપણે અનાસ્થા કહી શકીએ છીએ. તે ઉપરાંત બીજી પણ ઘણી બીમારીઓ છે, જેને આપણે નિષ્ઠુરતા કહી શકીએ છીએ, સંવેદનહીનતા કહી શકીએ છીએ, અનુદારતા કહી શકીએ છીએ. આ બધી આધ્યાત્મિક બિમારીઓ છે, ગુસ્સો આવવાથી લઈને ચિંતા કરવા સુધીની આ બધી માનસિક બીમારીઓ છે, માનસિક વિકૃતિઓ છે, તાવ, ઉધરસ વગેરે શારીરિક બીમારીઓ છે.

આ શારીરિક, માનસિક અને આધ્યાત્મિક – ત્રણે જાતની બીમારીઓનો ઈલાજ કરવા માટે યજ્ઞની કેવી ચિકિત્સા પધ્ધતિ હોઈ શકે તે તમે સમજી શકો છો. કોઈ જમાનામાં તે પ્રચલનમાં પણ હતી અને આગળ જતાં ફરીથી તે જ યજ્ઞીય ચિકિત્સા પદ્ધતિ કામમાં આવી શકે છે. યજ્ઞ એ માણસના શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રોગોનો ઉપચાર કરવામાં જો સમર્થ થઈ શકે તો તમે જોશો કે માનવીની અડધાથી વધારે સમસ્યાઓનું સમાધાન થઈ ગયું.

## યજ્ઞથી પર્જન્યની ઉત્પત્તિ

મિત્રો ! યજ્ઞથી માત્ર રોગોનું જ સમાધાન થાય છે કે હવનથી માત્ર સુગંધ ફેલાય છે એવું નથી, પરંતુ તેમાં બીજી પણ કેટલીક વિશેષતાઓ છે.

યજ્ઞ વિશેષ અન્ય પુસ્તકોમાં પણ આ વાત લખેલી છે – "યજ્ઞાદ્‌વતિ પર્જન્યો યજ્ઞઃ કર્મ સમુદ્‌ભવઃ ॥"

(શ્રીમદ્‌ ભગવદ્‌ ગીતા -૩/૧૪) એટલે કે યજ્ઞથી પર્જન્ય પેદા થાય છે. પર્જન્યનો અર્થ લોકો વાદળ માની બેઠા છે, જે બરાબર નથી. હવનથી વાદળો આવે છે ?

બેટા, એ વાત સાચી નથી. જો હવનથી જ વાદળો આવતાં હોત તો અમે ઘણાં બધાં વાદળ બોલાવી લીધાં હોત અને ઘણા બધાં વાદળોને ભગાડી દીધાં હોત. પર્જન્યનો મતલબ વાદળ સાથે નથી. તો પછી શું અર્થ છે ?

પર્જન્યનો અર્થ – પ્રાણ. પ્રાણ શું છે ? પ્રાણ એવું તત્વ છે કે જે પાણી સાથે ભળી જઈને જ્યારે જમીન પર વરસે છે ત્યારે ઘાસ મજબૂત થાય છે, અનાજ મજબૂત થાય છે, ફળો પ્રાણવાન બને છે. અનાજ વગેરેની અંદર વિટામિન્સનું પ્રમાણ વધે છે. શક્તિ વધારે બને છે, જેને ખાવાથી માણસો શક્તિશાળી બની જતા હતા.

જડીબુટ્ટીઓ પણ એવી હતી. ચ્યવનપ્રાશ અવલેહ જેવી જડીબુટ્ટીઓ એવી શક્તિશાળી બનતી હતી કે જેને ખાઈને ઘરડા માણસો પણ યુવાન બની જતા હતા. આજે ઘરડા તો શું, યુવાનો પણ તેને ખાવાથી યુવાન બની શક્તા નથી. કેમ સાહેબ ! ચ્વયનપ્રાશ ખાવાથી શું થાય છે ? તમે ઘરડામાંથી યુવાન બની જશો. એમ છે, તો લાવો, એક ડબો અમને પણ આપો. ખાઈ લીધો ?

હા, ખાઈ લીધો. કેમ સાહેબ ! જવાન થયા કે ઘરડા ? ના સાહેબ ! ન તો વૃદ્ધમાંથી યુવાન બન્યા કે યુવાનમાંથી વૃદ્ધ બન્યા. તેમાં શું છે ? કંઈ જ નથી. તેમાં માત્ર આંબળાની ચટણી અને ગોળ છે. બંનેને ભેગાં કરી દો. જો તમને તેનો સ્વાદ સારો લાગતો ન હોય તો કરિયાણાની દુકાને જાઓ અને તેને કહો કે ભાઈ સાહેબ ! તમે રોજ દુકાનમાં ઝાડુ લગાવો છો, તેમાંથી જે કઈ અલ્લમ-સલ્લમ નીકળતું હોય તે અમને આપી દો તેને ખાડીને અમે ચ્યવનપ્રાશમાં નાખી દઈશું. બસ, સ્વાદિષ્ટ ચ્યવનપ્રાશ અવલેહ તૈયાર થઈ ગયો.

### પ્રાણના અભાવમાં સત્વ ચાલ્યું ગયું.

બેટા, આજકાલ ચ્યવનપ્રાશ બનાવવામાં જે જડીબુટ્ટીઓ નાખવામાં આવે છે તે કોઈ ખાસ ફાયદો કરતી નથી. અરે સાહેબ, તેમાં તો અષ્ટવર્ગની જડીબેટ્ટીઓ નાખવામાં આવે છે ! ઠીક છે, આ દવાની ખાસ જડીબુટ્ટી એવી અષ્ટવર્ગની ચીજો જો મળતી હોય તો હું મંગાવી આપીશ, પરંતુ તેમાંથી તમે ન તો વૃદ્ધ બનશો કે ન તો યુવાન. હા, થોડીઘણી શક્તિ આવી શકે છે.

કેમ સાહેબ ! એવી શું વાત છે ? શું ઋષિઓ ખોટું બોલ્યા છે ? ના બેટા, ઋષિઓ ખોટા નથી. પ્રાચીનકાળમાં જે વરસાદ થતો હતો. તેની સાથે પ્રાણ (પર્જન્ય) પણ વરસતો હતો. પ્રાણ વરસ્યા પછી જે ઘાસ પેદા થતું હતું તે ખાઈને પશુઓનું જે દૂધ અને ઘી બનતાં હતાં, તે કેટલાં પૌષ્ટિક હતાં ?

અમૃત જેવાં હતાં. જે અનાજ પેદા થતું હતું તેની અંદર એવી શક્તિ રહેતી હતી કે જેને ખાવાથી બદામ જેવી શક્તિ મેળવીને માણસો મજબૂત બની જતા હતા. આજે પણ અનાજ તો એ જ છે, જડીબેટ્ટીઓનું સ્વરૂપ તો એ જ છે, બીજી ચીજવસ્તુઓ પણ એવી જ છે, પરંતુ બધી પ્રાણહીન બની ગઈ છે, નિષ્પ્રાણ બનતી જાય છે.

ચીનકાળમાં જ્યારે યજ્ઞો થતા હતા, પ્રાણોનો વરસાદ થતો હતો. વાદળોની સાથે પ્રાણોની પણ વર્ષા થતી હતી. હવાની સાથે પ્રાણોની વર્ષા થતી હતી. બંને જાતની વર્ષા થતી હતી. પ્રાણ માત્ર પાણી સાથે જ વરસતો નહોતો, હવાની સાથે પણ વરસતો હતો, ઓકિસજન પણ વરસતો હતો.

આજે ઓકિસજનની કેટલી અછત છે, હવામાં તેનું પ્રમાણ કેટલું ઘટી રહ્યું છે એ તમે જોઈ રહ્યા છો. હવા ખૂબ જ પ્રદુષતિ છે. પહાડોની હવા સારી છે, ત્યાં ચાલ્યા જાઓ, ત્યાં તમે જલદી સાજા થઈ જશો. ત્યાં એવું શું છે ? ત્યાં ઓકિસજનનું પ્રમાણ

વધારે હોય છે અને અહીયાં તુનું પ્રમાણ ઓછું હોય છે. ભેજનું પ્રમાણ વધારે હોય છે ત્યારે હવાની અંદર પણ પ્રાણ હોય છે, જેને પર્જન્ય રહે છે. વરસાદની અંદર પણ પ્રાણ હોય છે, જેને આપણે પર્જન્ય કહીએ છીએ. બ્રને પ્રકારના પર્જન્ય હોય છે.

માણસના સાંસારિક જીવન માટે, સ્વાસ્થ્ય માટે, મજબૂતી માટે, દીર્ધજીવન માટે, નીરોગી જીવન માટે આ બધી જ ચીજો કામમાં આવતી હતી.

## યજ્ઞથી વધુ લાભો

મિત્રો ! આપણે જે હવન કરીએ છીએ તેમાં પૈસાની દૃષ્ટિએ નુકસાન તો જરૂર થાય છે, પરંતુ હું માનું છુ કે તેના પાંચ સી.સી.નું ઈન્જેકશન લગાવી લો, તો વિશ્વાસ રાખો કે તમને વધારે ફાયદો થઈ શકશે, તમે એક ગ્લાસ દૂધ પી લો. કેમ ભાઈ, કોઈ તાકાત આવી કે નહિ ?

અરે સાહેબ ! હજુ તો એક લીટર જ પીધું છે. હજુ તાકાત દેખાતી નથી.

સારું તો મારી પાસે આવો. હું તમને મિલ્કનું ઈન્જેકશન આપું છું. મિલ્કત ઈન્જેકશન શું છે ? દુધની નાની નાની ટયુબ આવે છે. તે તમે કેમીસ્ટની દુકાનેથી ખરીદી શકો છો અને ડોકટર પાસે જઈને તેને કહો કે ડોકટર સાહેબ !

તમે મારી નસમાં પાંચ સી.સી.નું ઈન્જેકશન મૂકી આપો. મિલ્ક ઈન્જેકશન લગાવતાં જ તમને ખબર પડશે કે જેવી રીતે દારૂ પીને માણસ જેમ ઊભો થઈ જાય છે, એવી જ રીતે તમે પણ ચાલવા લાગશો. આ શું થયું ? પાંચ સી.સી. દુધ કેટલું હોય છે ? એકાદ-બે ચમચી જેટલું. પણ ખબર પડી કે બે ચમચી દૂધ તમારા પેટમાં સૂક્ષ્મ રૂપે પહોંચ્યું અને તેણે કમાલ કરી દીધી. આથી જ હું કહું છું કે યજ્ઞ દ્વારા જ્યારે પદાર્થો, વસ્તુઓ, દવાઓ, વનૌષધિઓ વાયુભૂત થઈને સૂક્ષ્મ રૂપે આપણા શરીરમાં પહોંચે છે ત્યારે માણસના ભૌતિક અને આત્મિક બંને જીવન માટે ખૂ જ શાનદાર બની શકે છે.

## પરિશોધન પણ, પોષણ પણ

મિત્રો ! પ્રાણ - પર્જન્ય આપણા માટે પરિશોધનનું કામ કરી શકે છે. આપણા માટે શક્તિસંચારનું કામ કરી શકે છે. ક્યો પર્જન્ય ? જે યજ્ઞ દ્વારા નિર્મિત થાય છે. યજ્ઞનો પહેલાંવાળો ભાગ રોગ નિવારણનો હતો, જે રોગાણુંઓ, વિષાણુઓને મારે છે.

જે બીમારીઓને મારે છે. જે ગંદકીને મારે છે. તેની એક હિસ્સો મારક છે અને એક હિસ્સો સંવર્ધક - ઉત્પન્ન કરનાર. આ રીતે યજ્ઞ સંવર્ધક પણ છે અને મારક પણ છે. ભગવાન મારક પણ છે અને ભગવાન સંવર્ધક પણ છે. તેઓ જ્યારે અવતાર લે છે, તો વિનાશ પણ કરે છે 'પરિત્રાણાય સાધૂનાં વિનાશાય ચ દુષ્કૃતામ્' અર્થાત્ તેઓ વિકાસ ઉપરાંત વિનાશ પણ કરે છે.

યજ્ઞની અંદર પણ બંને પ્રક્રીયાઓ છે. જે આપણા સંસારમાં અવાંછનીયતાઓ છે, તેનો વિનાશ પણ કરે છે અને જે શ્રેષ્ઠતાઓ છે તેનું સંવર્ધન પણ

કરે છે. એટલા માટે યજ્ઞ આપણા ભૌતિક અને આર્થિક જીવનની બંને આવશ્યકતાઓ પૂરી કરનાર છે.

જો આપ આ વાતને સમજો અને સાર કાઢો, તો આપ સમજી શકો છો કે ભૌતિક દૃષ્ટિએ એનાથી વાતાવરણ સંશોધિત થાય છે. વાયુ શુદ્ધ થાય છે. જો કે વાયુ શુદ્ધ થવાનું કામ વાતાવરણનું પરિશોધન થવા જેટલું મોટું કામ નથી. વાતાવરણ પરિશોધન થવું એ એક બહુ મોટું કામ છે.

## વાતાવરણનું નિર્માણ

મિત્રો ! વાતાવરણ કોને કહે છે ? હવાને તો વાયુ મંડળ કહે છે. વાતાવરણ એને કહે છે કે લોકોના દિમાગમાં એક ખાસ પ્રકારનો પ્રવાહ, એક ખાસ પ્રકારનો વિચાર પ્રવાહ છવાયેલો રહે છે.

કોઈક જમાનામાં – લડાઈના જમાનામાં લડાઈનું વાતાવરણ રહે છે. ફાગણ મહિનામાં નાચકૂદનું વાતાવરણ, વિવાહ-લગ્નમાં હસીમજાકનું વાતાવરણ છવાયેલું રહે છે. આ વાતાવરણ જ છે, જે પોતે જ મહત્વપૂર્ણ હોય છે. વ્યાપક વાતાવરણ મનુષ્ય જાતિને ખૂબ લાભ પહોંચાડે છે. વ્યાપક વાતાવરણ ઉત્પન્ન કરવા માટે વ્યાપક સ્તર પર કાર્ય કરવામાં આવે છે,ઉચ્ચસ્તરીય વિચાર પ્રવાહ ફેલાવવામાં આવે છે. વ્યાપક વાતાવરણ કેવી રીતે ઉત્પન્ન કરવામાં આવે છે તે હું તમને બતાવું છું.

ભગવાન રામ કોણ હતા ? ભગવાન રામનું આખું જીવન યજ્ઞ માટે વ્યતીત થઈ ગયું. યજ્ઞથી જ તેઓ ઉત્પન્ન થયા અને યજ્ઞમાં જ સમાઈ ગયા. કેવી રીતે ? બેટા, જો હું યજ્ઞની વાત કહું છું. રામચંદ્રજી જ્યારે ઉત્પન્ન થયા હતા ત્યારે યજ્ઞથી ઉત્પન્ન થયા હતા. ભગવાન રામ કોણ હતા ? રામ નામ ? રામ નામ પણ યજ્ઞમાંથી ઉત્પન્ન થયું હતું. પછી શું થયું ? વિશ્વામિત્ર તેમને પોતાના યજ્ઞના રક્ષણ માટે લઈ ગયા હતા. ના સાહેબ, કોઈ બીજા સિપાઈને મોકલી દો. સિપાઈ તો નથી.

ભાઈ સાહેબ ! આપે યજ્ઞના રક્ષણ માટે આવવું પડશે. વિશ્વામિત્રજીના યજ્ઞનું રક્ષણ કરવા અને યજ્ઞીય વાતાવરણમાં રહેવા માટે રામચંદ્રજીએ પોતાના પ્રાણની પરવા કર્યા વિના કામ કરવા માંડ્યું. ત્યાં જ અડગ રહ્યા. પછી શું કર્યું ? એમના લગ્ન થયા. તે પણ એક યજ્ઞમાં થયાં. આપે સાંભળ્યું હશે કે રાજા જનકે ધનુષ્ય યજ્ઞ યોજ્યો હતો. એમાં તેમના લગ્ન થયાં. પછી શું થયું ? પછી તો સીતાજીને જ્યારે રાવણ લઈ જવાનો હતો ત્યારે એમણે કહ્યું કે આપ ત્યાં જશો તો બહુ મુશ્કેલી પડશે. આપને રાવણ ખૂબ પરેશાન કરશે આથી એવું કરો કે આપ આપની જાતની યજ્ઞ ભગવાનને સુપરત કરી દો અને આપની જગ્યાએ એક નકલી સીતા બનાવીને રાવણને ઘેર મોકલી દઈએ છીએ.

## સૂક્ષ્મ જગત પણ પ્રભાવિત

મિત્રો ! વાલ્મીકિ રામાયણમાં એક કથા આવે છે કે યજ્ઞાગ્નિમાં સીતાજીએ પ્રવેશ કર્યો હતો અને તેમણે અગ્નિમાં પ્રવેશ કર્યા પછી એમના સ્થાને એક નકલી સીતા ઉત્પન્ન થઈ હતી. તે જ રાવણને ત્યાં ચાલી ગઈ હતી. રાવણને માર્યા પછી રામચંદ્રજી જ્યારે તેમને પાછા પોતાના ઘરે લઈ આવ્યા, તો તેમણે કહ્યું કે અમારે તો અસલી સીતા જોઈએ.

અસલી સીતા જોઈએ તો તે ત્યાંથી જ નીકળશે કે જ્યાં આપે જમા કરી દીધી હતી. જે બેંકના લોકરમાં આપે પૈસા જમા કરાવી દીધા હોય ત્યાંથી જ તે નીકળશે.

યજ્ઞમાં જ તો જમા કરાવી હતી. નવી સીતાની યજ્ઞાગ્નિમાં પરીક્ષા લેવામાં આવી. અગ્નિ પરીક્ષા પછી તે નકલી સીતા એમાં જ રહી ગઈ અને અસલી સીતા કૂદીને બહાર આવી ગઈ. આ જ હતી યજ્ઞાગ્નિ પરીક્ષા.

યજ્ઞાગ્નિનું ઠેકઠેકાણે વર્ણન આવે છે. પછી શું થયું ? રાવણને માર્યા પછી જ્યારે ભગવાન રામ અયોધ્યા આવી ગયા ત્યારે ગુરુ વશિષ્ઠ વિચાર કરવા લાગ્યા. એમણે કહ્યું કે બેટા રામ ! રાવણ મરાઈ ગયો, કુંભકર્ણ મરાઈ ગયો, ખર-દૂષણ મરાઈ ગયા, મેઘનાદ મરાઈ ગયો, એમનાં કુટુંબીજનો મરાઈ ગયાં ? હા, ગુરુદેવ. તને એક વાતનું ધ્યાન નથી કે આખા વાતાવરણમાં રાક્ષસોએ જે અસુરતાના તત્વ ભરી દીધાં હતાં, તે જ્યારે ઉત્પન્ન થશે તો આપણી નવી પેઢીનાં બાળકો ઉપર સવાર થઈ જશે. બે વિશ્વયુદ્ધ થઈ ચૂક્યાં છે – પ્રથમ વિશ્વયુદ્ધ અને બીજું વિશ્વયુદ્ધ. આ બંને વિશ્વ યુદ્ધોમાં જે દારૂગોળો વાપરવામાં આવ્યો છે, જે માણસો મર્યા છે, જે ચિત્કાર થયો છે, જે હાહાકાર ઉત્પન્ન થયો છે તે પાછો ફરીને પૃથ્વી પર આવ્યો છે અને નવી પેઢીઓ જે ઉત્પન્ન થઈને આવી રહી છે તે આખેઆખી તે વાતાવરણથી પ્રભાવિત થઈને આવી રહી છે.

નવી પેઢીઓને જોઈને અમે વિચારીએ છીએ કે આ શું થઈ ગયું છે ? સારાં ઘરોમાં જન્મેલા બાળકોને શું થઈ ગયું છે ? આ ખરાબ ટેવવાળાં બાળકો ક્યાંથી આવી ગયાં ? જ્યારે આપણે ઊંડાણમાં જોઈએ છીએ તો આપણે જાણીએ છીએ કે આ બે મહાયુદ્ધોના કારણે જે વાતાવરણ ખરાબ થયં હતું તેની અસર અત્યારે પણ છે.

## યજ્ઞ દ્વારા વિષાક્તતાનું નિવારણ

મિત્રો ! ગુરુ વશિષ્ઠજીએ રામચંદ્રજીને કહ્યું હતું કે આપે રાવણને મારીને, લંકાના રાક્ષસોનો ખાતમો બોલાવીને જે પુરુષાર્થ કર્યો તેનાથી એક મોટો પુરુષાર્થ કરવાની અત્યારે જરૂર છે. એ જરૂરત કઈ છે ? જેમાં રાક્ષસપણું અને અસુરતા સૂક્ષ્મ રીતે છવાયેલી છે તે આખેઆખા વાતાવરણને યજ્ઞીય પ્રક્રિયા દ્વારા શોધિત કરવાનું છે. નહિતર જો આ જ વાતાવરણ બની રહેશે તો ફરીથી મુસીબત ઉત્પન્ન કરશે.

આપ વાલ્મીકિ રામાયણમાં વાંચો કે જેમાં તેમણે લખ્યું છે કે રામરાજ્ય સ્થાપિત થતાં જ રામચંદ્રજીએ દસ અશ્વમેધ યજ્ઞ કર્યા હતા. આ

દશાશ્વમેધ ઘાટ આજે પણ ગંગાઘાટ બનારસમાં બનેલો છે. ત્યાં ભગવાન રામ અને ગુરુ વશિષ્ઠજીએ રામરાજ્યની સ્થાપના કરવા માટે ઉપયુક્ત વાતાવરણ બનાવવા માટે અશ્વમેધ યજ્ઞ કર્યા હતા.

તેઓ જાણતા હતા કે યજ્ઞ સિવાય બીજું કોઈ સહાયતા કરી શકે એમ નથી. મેં આપને રામચંદ્રજી અને સીતાજી વિશે બતાવ્યું કે તેમનું આખું જીવન યજ્ઞીય પ્રક્રિયામાં ચાલ્યું હતું, તેમ ભગવાન શ્રીકૃષ્ણનું પણ એવું જ થયું. પાંડવોનો વિજ્ય થયા પછી, મહાભારતનો વિજ્ય થયા પછી એમણે પણ એવું જ કર્યું. એમણે શું કામ કર્યું ?

તેમણે પાંડવોને કહ્યું કે કંસ મરાઈ ગયો, દુર્યોધન અને દુઃશાસન પણ મરાઈ ગયા, જરાસંધ વગેરે પણ મરાઈ ગયા અને બીજા પણ કેટલાય મરાઈ ગયા, પરંતુ વાતાવરણમાં એ આસુરી ગંદકી હજી પણ ભરેલી છે. જો આ વાતાવરણ ફરીથી વરસવા લાગ્યું તો મલેરિયાની જેમ અને બીજાં અનેક કીટાણુંઓની જેમ દુનિયામાં ફરીથી તબાહી બચાવશે. તો પછી શું કરવું જોઈએ ?

આસુરી મનુષ્યોને મારી નાખવાનું જ પૂરતું નથી, પરંતુ એ વાતાવરણનું પરિશોધન કરવાનું પણ અનિવાર્ય છે. શું કરવું જોઈએ ? ભગવાન શ્રીકૃષ્ણએ આને માટે પાંડવોને સલાહ આપી હતી કે આપે એવું આયોજન કરવું જોઈએ, એવો યજ્ઞ કરવો જોઈએ, જેનાથી વાતાવરણનું પરિશોધન કરવામાં મદદ મળે. પાંડવોએ એવું જ કર્યું હતું. તેમણે રાજસૂય યજ્ઞ કર્યો હતો, જેમાં શ્રીકૃષ્ણ ભગવાને પગ ધોવાનું કામ પોતાના માથે લીધું હતું. આપે વાંચ્યું હશે કે એ બહું મોટું આયોજન થયું હતું.

## પૌરાણીક આખ્યાન પણ પક્ષમાં

મિત્રો ! હું શું કહી રહ્યો હતો ? એમ કહી રહ્યો હતો કે રામચંદ્રજી અને શ્રીકૃષ્ણ ભગવાન બંને આ જ યજ્ઞીય પ્રક્રિયાને અપનાવીને ચાલ્યા. સીતાજીની અગ્નિપરીક્ષા અને અગ્નિમાંથી ઉત્પન્ન થવાની વાત મેં આપને કહી દીધી.

મહાભારતમાં પણ દ્રૌપદી વિશે એવું જ વર્ણન આવે છે કે તે યજ્ઞમાંથી ઉત્પન્ન થઈ હતી. મહાભારતની મૂળ ભૂમિકા નિભાવનાર એક મહિલા હતી, જેનું નામ હતું – દ્રૌપદી. તેના કારણે મહાભારત થયું. તેવી જ રીતે લંકાનું નિવારણ અને રામચંદ્રજીનો ઉદ્દેશ્ય પૂરો કરવામાં એક જ મહિલા હતી.

આખેઆખો ખેલ એના માટે જ રચાયો. તમામ રાક્ષસોના વિનાશ અને લંકાનું દોહન કરવા માટે સીતાજીની જવાબદારી છે અને આ બાજુ મહાભારતમાં કોની જવાબદારી છે ? દ્રૌપદીની જવાબદારી છે. બંને મહિલાઓ યજ્ઞમાંથી ઉત્પન્ન થઈ છે. તેઓ યજ્ઞની અનુકૃતિઓ હતી. યજ્ઞની પ્રતિક્રિયા હતી. યજ્ઞનું વરદાન હતી.

બેટા, વાતાવરણ વિશે હું બતાવી રહ્યો હતો કે તેના પરિશોધનથી શું થાય છે ? આપ તો એનું મહત્વ જ નથી સમજતા. જો આપને આ ન

સમજાય તો આપ સાઈકલ લઈને ચાલજો અને જો જો કે હવાનો ઝોક કઈ બાજુ જાય છે. હવાનો ઝોક જો આપની પાછળ હશે, તો એક કલાકમાં દસ માઈલ ચાલી જશો અને જો હવાનો ઝોક સામે હશે, તો એક કલાકમાં આપને પાંચ માઈલ પાર કરવાનું પણ મુશ્કેલ પડી જશે. સાઈકલ કયારેક આ બાજુ જશે, ક્યારેક પેલી બાજુ જશે. નાવમાં જો હવા પાછળની તરફ હશે તો તે પોતાની જાતે ઝડપથી આગળની તરફ ભાગતી જાય છે અને જ્યારે હવા આગળની તરફ હોય છે ત્યારે નાવિકને સખત મહેનત કરવી પડે છે. ત્યારે નાવિક બતાવશે કે ભાઈસાહેબ, જો હવા પાછળની તરફ હોય, તો તો અમારી નાવ ખૂબ ઝડપથી ચાલશે અને જો સામે હશે, તો આફત જ આવી જશે. પછી નાવને હંકારવાનું અને હવાનો સામનો કરવાનું અમારા માટે મુશ્કેલ બને છે.

### વાતાવરણની અનુકૂળતાનું પ્રકરણ

મિત્રો ! હું આપને વાતાવરણની અનુકૂળતા વિશે કહી રહ્યો છું. વર્ષાઋતુ આવે છે, તો હવામાં ઠંડક હોય છે. વાતાવરણમાં ઠંડક હોય છે. વાતાવરણમાં પાણી હોય છે. છોડ ઝડપથી ઊગતા જાય છે, કેમ સાહેબ ! અમે તો ગરમીમાં ઘઉં વાવીશું. ગરમીમાં ઘઉં વાવશો તો ખરા, જમીન પણ બરાબર હશે, ખાતર પણ બરાબર હશે, પાણી પણ બરાબર પાશો, પણ વાતાવરણ અનુકૂળ નથી એટલે આપના ઘઉંનો પાક થશે નહિ.

ઘઉં ઉગી જશે, તો પણ ફળશે નહિ. ફળશે તો આપના કામમાં આવે એવા હશે નહિ. સારું, તો વરસાદમાં વાવીશું. વરસાદમાં શું વાત છે ? વરસાદમાં વાતાવરણ છે. એમાં

છોડ ઉગવાનું વાતાવરણ આવે છે, તો ઘાસનાં સૂકાં મૂળ જે જમીનમાં હોય છે તેમાં પાણી પાવાની પણ જરૂરિયાત રહેતી નથી. હવામાં જેવો ભેજ આવે છે કે બધું જ ઉત્પન્ન થઈ જાય છે. નવું ઘાસ ઉત્પન્ન થઈ જાય છે. કીડા-મંકોડા ઉત્પન્ન થઈ જાય છે, દેડકાં ઉત્પન્ન થઈ જાય છે અને કોણ જાણે શું શું ઉત્પન્ન થઈ જાય છે ?

તેને કોણ ઉત્પન્ન કરે છે ? વાતાવરણ ઉત્પન્ન કરે છે. જેમાં આપણે નવા યુગને અનુરૂપ પરિસ્થિતિઓ ઉત્પન્ન કરી શકે તેવું અનુકૂળ વાતાવરણ બનાવવા માટે આપણા ભૌતિક પ્રયત્ન જ પૂરતા નથી, પરંતુ આપણા સુક્ષ્મ પ્રયત્નોને, આધ્યાત્મિક પ્રયત્નોને આપ માનો છો, આપ અંતર્જગતને માનો છો, સૂક્ષ્મ જગતને માનો છો, દૈવી જગતને માનો છો અને આપ દૈવી પ્રતિમાને માનો છો તો આપે એ પણ માનવું પડશે કે ફક્ત ભૌતિક પ્રયત્નો જ સર્વસ્વ નથી હોતા, આધ્યાત્મિક પ્રયત્નોનું પણ પોતાનું મૂલ્ય છે અને આધ્યાત્મિક અનુકૂળતા તથા વાતાવરણની અનુકૂળતા પણ પોતે કંઈક મહત્વ ધરાવે છે.

## યજ્ઞથી બને છે વાતાવરણ

મહારાજજી ! તેના માટે શું કરવું પડશે ? બેટા, એ જ તો હું આપને નિવેદન કરી રહ્યો હતો કે કેવી રીતે આ આખેઆખી પ્રક્રિયાઓ યજ્ઞ સાથે સંબંધિત છે.

યજ્ઞ આપણા માટે વાતાવરણ બનાવે છે. પ્રાચીનકાળમાં રાજસૂર્ય યજ્ઞ થતા હતા. રાજનૈતિક સમસ્યાઓનું સમાધાન કરવા રાજસૂય યજ્ઞ અને સામાજિક, ધાર્મિક અને માનસિક સમસ્યાઓનું સમાધાન કરવા માટે વાજપેય યજ્ઞ થતા હતા. આ સૌ જે યજ્ઞ કરવા અને કરાવવા જઈ રહ્યા છો તે બધા જ વાજપેય યજ્ઞ છે. તેનાથી વાતાવરણ બનાવવાનો, ધાર્મિક વ્યક્તિઓને એક જગ્યાએ ભેગા કરવાનો, તેમની સાથે પરામર્શ કરવાનો, તેમની સાથે સલાહસૂચન કરવાનો, તેમને સંબદ્ધ ધરવાનો અને એક વિશેષ કામમાં જોડી દેવાનો એક મુખ્ય ઉદ્દેશ્ય છે.

આ અમારા ભૌતિક પ્રયત્નો છે અને વાતાવરણનું સંવર્ધન અમારો આધ્યાત્મિક પ્રયત્ન છે.

આ બંધુ પ્રયત્નોને લઈને ચાલીએ છીએ અને આ જ યજ્ઞીય આંદોલનને પુરું કરવા મો આપને ઠેકઠેકાણે મોકલવામાં આવી રહ્યા છે અને તેના માટે મોટો સંકલ્પ લેવામાં આવી રહ્યો છે. એમને આશા છે કે એનાથી અમે વાતાવરણને બદલી શકીશું. તેના વિશે અમને આશા છે કે યજ્ઞીય પરંપરાઓ જાળવવામાં, યજ્ઞીય જીવન જીવવાનું શિક્ષણ આપવામાં અને યજ્ઞીય વાતાવરણને બનાવવાની પ્રક્રિયાને સંપન્ન કરવામાં અમે મહદંશે સફળ થઈ શકીશું.

આ જ યજ્ઞીય પ્રક્રિયાઓ, શક્તિઓને ઉભારવા માટે આપને અહીંથી મોકલીએ છીએ.

## બલિ અર્થાત્ દેવદક્ષિણા

મિત્રો! યજ્ઞની પાછળ એક બીજું બહુ જ મહત્વપૂર્ણ કદમ છુપાયેલું છે, જેને આપ લગભગ ભગવાનનો અવતાર કહી શકો છો. શું છુપાયેલું પડયું છે ?

આપણા યજ્ઞોમાં, યુગનિર્માણ યોજનામાં યજ્ઞોમાં તેના માટે બે ફેફસાંની જેમ, બે મૂત્રપિંડની જેમ, બે આંખોની જેમ, બે મહત્વપૂર્ણ પાસાં છુપાયેલાં છે. એ ક્યાં પાસાં છુપાયેલાં છે ?

એમાંથી એક – દેવદક્ષિણા, દેવ દક્ષિણા શું છે ?

દેવ દક્ષિણા અમારા પ્રાણ છે. જૂના જમાનામાં પંડિતો આવતા હતા, તો તેઓ બસ બલિ ચઢાવતા હતા. ચાલો સાહેબ, બલિ ચઢશે. આ ક્યારની વાત છે ? બહુ જ જૂના જમાનાની.

આજથી હજાર બે હજાર વર્ષ પહેલાં બલિના નામે જાનવરોને મારી-કાપી નાંખવામાં આવતાં હતાં, જેનો ભગવાન બુદ્ધે વિરોધ કર્યો હતો. તેમના પ્રયત્નથી એવા યજ્ઞોમાંથી હિંસા બંધ થઈ ગઈ હતી, પરંતુ કેટલાંક મંદિરોમાં અત્યારે પણ બલિ ચઢતો રહે છે. પ્રાચીનકાળમાં બલિનો એ રિવાજ હતો. યજ્ઞોમાં બલિ ચઢતો હતો. ગોમેધ, અશ્વમેધ, નરમેધ, ગજમેધ વગેરે કોણ જાતે

કેટલાય યજ્ઞ થતા હતા. જાનવરોને મારીમારીને હવન કરી દેતા હતા. મધ્યકાળમાં એનાથી પિંડ છૂટ્યો તો એ દેવીદેવતાઓમાં આવી ગયો. હવે ત્યાં બલિ થવા લાગ્યા. બલિથી શું મતલબ હતો ? બલિથી મતલબ હતો – યજ્ઞ. યજ્ઞ અને બલિ બંને એકબીજા સાથે જોડાયેલા છે. બલિ વિના યજ્ઞ પૂરો થઈ શક્તો નથી.

## બલિ કોને કહે છે ?

બલિ એને કહે છે જેમાં માણસે પોતાના દોષ અને દુર્ગુણોનું નિરાકરણ કરવું પડે છે. આખેઆખા જાનવરોની જે આદતો છે, જેમ કે, અજ, ગો વગેરે. અજ કોને કહે છે ? માણસની નિષ્ઠુરતાને કહે છે. ગો કોને કહે છે ?

ગો -ઈન્દ્રિયવિકારોને કહે છે. માણસમાં જાનવરોની જેટલી વૃત્તિઓ હતી, એનો સંકેત એ વૃત્તિઓ વિશે હતો અને બલિ રૂપે એ વૃત્તિઓનો હવન કરવો પડતો હતો. બલિ કોને કહે છે ? બેટા, બીજા શબ્દોમાં બલિ અમે એને કહી શકીએ છીએ, જે દેવતાઓને ઉપહાર રૂપે ભેટ ચઢાવવામાં આવે છે.

જૂના જમાનામાં તેનું વિકૃત સ્વરૂપ જાનવરોનું માથું કાપીને બલિ ચઢાવવા રૂપે પ્રચલિત થઈ ગયું. જ્યારે તેનું વાસ્તવિક રૂપ હતું – ત્યાગ – બલિદાન. કેમ ભાઈસાહેબ ! આપનો કોઈ ત્યાગ બલિદાન છે ?

હા સાહેબ, અમારો બહું મોટો ત્યાગ બલિદાન છે, અમે સમાજની બહુ સેવા કરી. અમે બે વર્ષ માટે જેલમાં ગયા. હા ભાઈ ! આની પ્રશંસા કરો, આને માળા પહેરાવો. આ મોટો ત્યાગી છે. બલિદાની છે. કેવા બલિદાની છે ? તેમણે કષ્ટ ઉઠાવ્યું, એમણે અમુક કામ કર્યુ, તમુક કામ કર્યું. સારા કામો માટે ત્યાગ કરનાર માણસોને બલિદાની કહે છે. બલિદાન કરનારની પ્રક્રિયાઓ બે છે. એક તો તે જેમાં અવાંછનીયતાને ખતમ કરી દે છે. યજ્ઞમાં પણ બે વાતો ખતમ કરવામાં આવે છે.

## એ પ્રતિક હતું, લક્ષ્ય હતું શ્રેષ્ઠતા સંવર્ધન

શું કરવામાં આવે છે ? રાજા પરિક્ષિતને સાપ કરડ્યો હતો, તો તેના દીકરાઓ સાપોનો હવન કર્યો હતો. સાપોના હવનથી શું મતલબ હતો? જન્મેજયે સર્પયજ્ઞ કર્યો હતો. શું ઈરાદો હતો ? તેનો ઈરાદો હતો કે સંસારમાં જે અવાંછનીય તત્વ છે એને અમે જલાવી દઈશું. અવાંછનીય તત્વોને જલાવી દેવાં એ હવન પ્રક્રિયાનો એક ઉદ્દેશ્ય છે. હવન પ્રક્રિયાનો ઉદ્દેશ્ય એ છે કે જે શ્રેષ્ઠતાઓ છે એને વધારવા માટે ત્યાગ અને બલિદાનની પ્રક્રિયાઓ ચાલુ કરવામાં આવે. સારાં કામો વધારવા માટે માણસે કુરબાની આપવી જોઈએ. સેવા માટે, સમાજ હિત માટે માણસ પોતાનું કંઈક અંશદાન કરે. આ પણ બલિદાનની એક પ્રક્રિયા છે. બલિદાનની પ્રક્રિયા યજ્ઞો સાથે સદાય જોડાયેલી રહી છે, પરંતુ અત્યારે તો તેનો રિવાજ જ કેવો થઈ ગયો છે. ક્યાંક આ કાર્ય પંડિત કરાવે છે, તો ક્યાંક સનાતની કરાવે છે. ચાલો સાહેબ ! બલિદાનની પ્રક્રિયા કરીશું. શું કરીશું ? આટલો સામાન

લાવો, ખીર લાવો, અડદ લાવો, અડદની ઉપર લાલ રંગ લગાવો, થોડું દહીં મૂકો. થોડીક કચોરી મૂકો. થોડા પાપડ મૂકો. હવે શું કરીશું ? તેને ઢાંકીને લઈ જાવ અને જવનાં ખેતરમાં મૂકી આવો. બલિદાનની આ પ્રક્રિયા અત્યારે પણ થાય છે. પંડિત કરાવે છે, પરંતુ સનાતન ધર્મમાં કરાવતા નથી. પંડિતોને ત્યાં આ રિવાજ હજી પણ ચાલતો રહે છે. એનો શું મતલબ છે ? બેટા ! યજ્ઞમાં બલિ આપ્યા વિના દેવતા પ્રસન્ન થતા નથી, પરંતુ સ્વરૂપ બદલાઈ ગયું છે.

## સંવ્યાપ્ત ભ્રાન્તિઓ

મિત્રો ! એટલા માટે અમે હવે તેનું સ્વરૂપ બદલી નાખ્યું છે. 'બલિ' શબ્દ હવે એટલો ગંદો, એટલો ફૂવડ થઈ ગયો છે કે ફરીફરીને માણસની પાછળ આવી જાય છે.

પંડિતોને પણ જોઈ લીધા છે. તેઓ પણ આમાં માંસનો કિસ્સો લઈ આવે છે. અડદ વિના હવનમાં બલિદાન થતું નથી. તેમાં એક અડદ, બે લાલ રંગ, ત્રણ દહીં, બીજી કોઈ ચીજ ચઢાવો કે ન ચઢાવો, પરંતુ આ ત્રણ ચીજ હોવી આવશ્યક છે. મહારાજજી ! આ શું ચક્કર છે ?

બેટા ! સંસ્કૃતમાં અડદ માટે 'માષ' માં 'મા' આખો છે અને 'ષ' માં પેટ ચીરાયેલું છે. એટલે 'માષ' નું માંસ કરી નાંખ્યું, જ્યારે 'માષ' એટલે અડદ થાય છે. માંસ એટલે એ માંસ કે જે ખાવાના કામમાં આવે છે. હા, એ જ માંસ છે. માંસ કાપવાની જ્યારે હિંમત ન ચાલી તો શું કરી નાંખ્યુ ? દહીંમાં લાલ રંગનું સિંદૂર ભેળવી દીધું. એ શું થઈ ગયું ? એ માંસ બની ગયું. દહીમાં લાલ રંગનું સિંદૂર ભેળવી દેવાથી કે જરાક બીજો કોઈ લાલ રંગ ભેળવી દેવાથી દહીંનો દેખાવ બરાબર માંસ જેવો બની જાય છે.

આ રીતે બલિદાનમાં ફરીફરીને એ જ માંસ શબ્દ આવી જાય છે, એટલા માટે યજ્ઞમાંથી બલિદાન શબ્દ અમે કાપી નાંખ્યો, પરંતુ યજ્ઞીય પરંપરાનું રક્ષણ કરવું પણ જરૂરી છે. એટલે અમે એનું નામ શું રાખી દીધું છે ? હવે તે અમારા યજ્ઞોમાં 'દેવદક્ષિણા' ના નામે એક ખૂબ જ મહત્વપૂર્ણ અંગરૂપો વિદ્યમાન છે. એમાં શું કરીએ છીએ ? તેમાં અમે એમ કહીએ છીએ કે ચાહે જન્મદિવસ ઉજવવો હોય કે હવન કરાવવો હોય, બધામાં દેવદક્ષિણાને આવશ્યક અંગ માન્યું છે. જે કોઈ હવન કરે છે, જે માણસ પરિક્રમા કરવા આવે છે, જે તેને જોવા આવે છે, તે તમામ માણસોને અમે પ્રાર્થના કરીએ છીએ કે આપે દેવતાઓનું અહીં આહ્વાન કર્યું છે, તો તેમની વિદાય માટે કંઈક ને કંઈક ભેટ – ઉપહાર આપીને જાવ. ભેટ અને ઉપહાર આપ્યા વિના દેવતાને વિદાય કરી દઈએ છીએ, તો દેવતા નારાજ થઈ જાય છે.

## ખાલી હાથે ન જાવ

મિત્રો ! પ્રાચીનકાળની પરંપરા એ છે કે જ્યારે આપ કોઈ દેવતાની નજીક જાવ છો, તો તો ભલે એક તુલસી નું પાન લઈને જાઓ, પણ ચઢાવો જરૂર ચઢાવો.

સંત પાસે જાવ તો ભલે આપ બોર લઈને જાઓ, પણ કંઈક લઈને જાવ. ખાલી હાથે ન જાવ.

જ્યારે કોઈ પંડિતને કહો કે અમારી જન્મકુંડળી જોઈ આપો, અમારે ત્યાં દિકરો જન્મ્યો છે, તો કુંડળી બનાવી આપો વગેરે, તો ભલે આપની પાસે બે પૈસા જ હોય, પણ પહેલા પોથી પર જ ચઢાવી દેજો.

ના સાહેબ ! અમે તો નવી ફેશનના છીએ, નવી પદ્ધતિના માણસ છીએ. ગમે ત્યાં જઈએ છીએ, લેવા દેવાનું કોઈ કામ નથી. બસ, સલામ ભરીએ છીએ અને અમારી વાત કહીને અમારું કામ કઢાવી લઈએ છીએ.

ના બેટા ! એવું ન કરતો. ક્યાંય ખાલી હાથે ન જતો. ખાલી હાથે જવાથી દેવતા નારાજ થઈ જાય છે.

ખાલી હાથે જવાથી પાપમાં પડાય છે ! દેવતાને આપે આપના ઘરે બોલાવ્યા અને ખાલી હાથે વિદાય કરી દીધા તો એ નારાજ થઈ જાય છે. ના સહેબ ! દેવતા નારાજ નહિ થાય. સારું સ્દેવતા નારાજ નહિ થાય, તો જો પહેલા પત્ર લખીને તારા જમાઈને બોલાવજે અને જમાઈને પાછા જતી વખતે ભાડું આપવાનો ઈનકાર કરી દેજે અને રૂપિયા પૈસા જે આપે છે તે પણ આપતો નહિ. તેવી જ રીતે જ્યાં તારી દિકરી પરણાવી છે તે વેવાઈને બોલાવજે. વેવાઈને સારુ સારુ જમાડજે અને જ્યારે તેઓ જવા માગે તો તેમને રૂપિયા પૈસા આપતો નહિ. રસ્તામાં નાસ્તો કરવા માટે પૂરી વગેરે બાંધતો નહિ. એમને સ્ટેશને મૂકવા પણ જતો નહિ તો શુ થાય ? એ વેવાઈ નારાજ થઈ જશે અને ફરીથી આપને ત્યાં આવશે જ નહિ. જમાઈને પણ નારાજ થઈ જશે અને ફરી આવશે નહિ. પંડિતજી પણ નારાજ થઈ જશે. કેવી રીતે નારાજ થઈ જશે ?

### ભગવાનને ભાવ જોઈએ, સાધનસામગ્રી નહિ

પંડિતજીને સત્યનારાયણની કથા કહેવા માટે, વિવાહ-લગ્ન કરાવવા માટે ઘરે લઈ આવો, હા સાહેબ ! આવી ગયા. સત્યનારાયણની કથા સાંભળો, કહો કે પંડિતજી કંઈ આપીશું તો નહિ, આપવાનું શું છે ? આપ જતા રહો, જેવી રીતે આપના પગે આવ્યા હતા, તેવી રીતે આપના પગે ચાલ્યા જાવ. અરે ભાઈ ! અમે તો એટલા માટે આવ્યા હતા કે આપને ત્યાંથી કંઈક મળશે. પંડિતજી અહીં મળવા – મેળવવાનું કંઈ નથી. અહીં તો એમ જ લીલી ઝંડી છે. ચૂપચાપ ચાલ્યા જાવ. આપે પણ દેવતાઓને બોલાવ્યા છે. "કલશસ્ય મુખે વિષ્ણું, કંઠે રુદ્રઃ સમાશ્રિતા :" વિષ્ણું ભગવાન આપ પણ આવો. લો સાહેબ ! આવી ગયા.

શંકર ભગવાન આપ પણ આવો, આપ પણ બિરાજમાન થાવ. બધા દેવતાઓ આવી ગયા, બધા બેસી ગયા. જવાનું છે, તો સાહેબ, કંઈ આપવા – લેવાનું નથી ?

ના સાહેબ ! ભાડું પણ નહિ આપીએ. બેટા, જ્યારે જાનૈયાઓને લગ્નમાં બોલાવીએ છીએ કે ચાલો સાહેબ અમારે ત્યાં જાનૈયા બનીને ચાલો. ભાડું કોણ આપશે ? અરે !

આપ અમારા દીકરાના લગ્નમાં આવી રહ્યા છો, તો આવવા- જવાનું ભાડું અમે આપીશું. જાનૈયાને જ્યારે આપ ભાડું આપો છો, તો જ્યારે સંતોને, એવા એવા ઋષિઓને બોલાવ્યા છે, દેવતાઓને બોલાવ્યા છે, તો તેમને પણ કંઈક આપશો કે નહિ આપો ? ના સાહેબ ! આપવા – લેવા માટે તો અંગૂઠો છે અમારી પાસે. ના બેટા ! આવું કંઈ આપવું નહિ પડે. શું આપવું પડશે ? દેવતા વસ્તુઓ નથી લેતા. દેવતા આપની ભાવનાને પરખતા રહે છે. દેવતાઓ અને સંત ભાવના વિના પ્રસન્ન થતા નથી. ભાવનાનું પ્રત્યક્ષ પ્રમાણ આપ્યા વિના દેવતાના આશીર્વાદ મેળવવાનું કોઈ રીતે સંભવ બની શક્તું નથી.

## યુગનિર્માણ યોજનાનું યજ્ઞ આંદોલન

આપણે કેવી ભાવના પ્રસ્તુત કરવી જોઈએ ? મિત્રો ! યુગ નિર્માણ યોજના અંતર્ગત જેટલાં પણ આયોજન કરવામાં આવે છે, એમાં બે ચીજોનો અમે અવિચ્છિન્ન પ્રયોગ કર્યો છે. પ્રત્યેક માણસને કહ્યું છે કે દેવદક્ષિણા રૂપે આપ આપની બૂરાઈઓમાંથી એકનો ત્યાગ કરો. શારીરિક બૂરાઈઓ, માનસિક બૂરાઈઓ, આધ્યાત્મિક બૂરાઈઓ, સામાજિક બૂરાઈઓ વગેરે બુરાઈઓનો અમે દેવદક્ષાણામાં ઉલ્લેખ કર્યો છે, જે અહીં બતાવવું મુશ્કેલ પડી જશે.

આપ સૌ જાણો છો, કોઈ નવું નથી, આ બધી વાતો છપાયેલી છે. બધે બધી સામાજિક કુરીતિઓથી માંડીને અન્યાનય વાતો વિશે અમે લખ્યું છે અને છાપ્યું છે.

યુગ નિર્માણ યોજના પત્રિકામાં અમે કહ્યું છે કે, વિવાહ લગ્નમાં દહેજ લેવું અને દેખાડાના નામે પૈસા વેડફવા – બંને ખરાબ છે, માનવસમાજ પર કલંક છે. ભિક્ષા-વ્યવસાય, નશાબાજી અને અન્યાન્ય બીજી વાતો આપને ખબર છે. એટલી બધી બૂરાઈઓને છોડવા માટે કહેવામાં આવ્યું છે.

ફક્ત બૂરાઈઓ છોડવા માટે જ નથી કહ્યું, પરંતુ સારપના સંવર્ધન માટે પણ કહ્યું છે. આપ આ સારી પ્રતિજ્ઞા લઈને જાવ, દરરોજ હવન કરવાની વાત લઈને જાવ, આપની કમાણીમાંથી એક હિસ્સો – પછી ભલે તે એક રૂપિયો જેવી નજીવી રકમ ન હોય, દરરોજ સારાં કાયો માટે કાઢવાની વાત શીખીને જાવ. ઘણી સારી સારપ વધારનારી વાત, બૂરાઈઓને નકારનારી વાત – આ બધાં અમારાં યજ્ઞીય આંદોલનના અવિચ્છિન્ન અંગ છે. એટલા માટે અમે એવો પ્રયત્ન કરીએ છીએ કે સંસારમાં ફેલાયેલા આનાચારને દૂર કરવામાં અને સંસારમાં જે સત્પ્રવૃત્તિઓની કમી છે તેને પેદા કરવામાં અને વધારવામાં અમે સફળતા મેળવી શકીએ.

## અધર્મનો નાશ કરવા યજ્ઞનો અવતાર

આ શું થઈ શકે છે ? બેટા, મેં આપને કહ્યું હતું કે અવતાર થવાનો છે. પ્રજ્ઞાવતાર થવાનો છે. ગાયત્રી માતાનો અવતાર થવાનો છે. યુગશક્તિનો અવતાર થવાનો છે. નવો યુગ આવવાનો છે. અવાંછનીયતા દૂર થવાની છે. એ

કેવી રીતે થશે ? એનું જ તો આ આંદોલન છે, કર્યું ?

દેવદક્ષિણાવાળું, તે પ્રત્યેક માણસની અંદર જે દુષ્પ્રવૃત્તિઓ છે તેને ઓછી કરવા માટે, સામાજિક જીવનમાંથી અવાંછનીયતાઓને ઓછી કરવા માટે, અંધવિશ્વાસને દૂર કરવા માટે, અનૈતિક્તાને ઓછી કરવા માટે આપણને સંકલ્પિત કરાવે છે. ધૃણા વિરુદ્ધ અમારો જે બળવો છે, તે એ છે, જેમાં ભગવાને એમ કહ્યું હતું કે હું અધર્મનો નાશ કરવા માટે અવતાર લઉં છું, અને આપનો પ્રજ્ઞાવતાર અધર્મનો નાશ કરવા માટે અવતાર લે છે.

જ્યાં પણ યજ્ઞનું આંદોલન થાય છે, આયોજન થાય છે ત્યાં અધર્મનો નાશ કરવા માટે, અવાંછનીયતાને દૂર કરવા માટે અમે પ્રયત્ન કરીએ છીએ અને સંકલ્પ કરાવીએ છીએ. આ રીતે વાંછનીયતાનું સંવર્ધન કરવા માટે, શ્રેષ્ઠતાઓને વધારવા માટે, સત્પ્રવૃત્તિઓને જીવનમાં ધારણ અને ગ્રહણ કરવા માટે વિભિન્ન પ્રકારના સંકલ્પ કરાવીએ છીએ. એ શું છે ? એ અવતારની પ્રક્રિયા છે. દેવદક્ષિણાના માધ્યમથી અવતારની પ્રક્રિયા તથા આસ્થાનું સંવર્ધન અને અનાચારનું નિરાકરણ બંને ઉદ્દેશ્ય પૂરા થાય છે.

## સાક્ષાત વિષ્ણુ છે યજ્ઞ ભગવાન

મિત્રો ! યજ્ઞીય આંદોલન વ્યક્તિના ભીતરથી બ્રાહ્મણત્વ – બ્રહ્મત્વ ઉત્પન્ન કરવા માટે, સમાજમાં શ્રેષ્ઠતાનું વાતાવરણ ઉત્પન્ન કરવા માટે, મનુષ્યોની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક બીમારીઓનું નિરાકરણ કરવા માટે, અનુકૂળ વાતાવરણ બનાવવા માટે, પર્જન્ય પેદા કરવા માટે – વગેરે તમામ પ્રક્રિયાઓ પૂરી કરવા માટે જ્યારે ગાયત્રી માતાનો પ્રજ્ઞાવતાર થશે, તો તેનાં બંને હથિયાર ચાલશે. અવાંછનીયતાનું નિરાકરણ કરવા માટે – અવાંછનીયતાનું દૂર કરવા માટે અને વાંછનીયતાનું સંવર્ધન કરવા માટે. દેવદક્ષિણા રૂપે અમારું યજ્ઞીય આંદોલન આ બંનેય પ્રક્રિયાઓને સંપન્ન કરવામાં સમર્થ હશે, જેની નવા યુગ માટે નવી વ્યક્તિ માટે આવશ્યકતા છે.

આ જીવન યજ્ઞ છે.

જીવને તેના રૂપમાં વિકસિત થવું જોઈએ. સમાજમાં યજ્ઞીય પરંપરાનો પ્રાદુર્ભાવ થવો જોઈએ. આ બંને ઉદ્દેશ્ય છે. જેને લઈને અમારું યજ્ઞીય આંદોલન ચાલે છે.

પ્રાચીન કાળમાં પણ યજ્ઞને એટલા માટે શ્રેષ્ઠ કર્મ માનવામાં આવતો હતો. યજ્ઞને વિષ્ણું એટલા માટે જ માનવામાં આવતો હતો અત્યારે પણ વ્યક્તિ અનેસમાજનું કલ્યાણ કરવા માટે યજ્ઞનને આપ શ્રેષ્ઠ કર્મ માની શકો છો અને તેને જીવંત્ વિષ્ણું ભગવાન માની શકો છો. જીવંત વિષ્ણું ભગવાન એટલા માટે પણ કે જે કંઈ પણ આપ ખવડાવો છો, તે પોતાના હાથે ખાઈ લે છે. આપે સાંભળ્યું હશે કે રામકૃષ્ણ પરમહંસ દેવીને ભોજન કરાવવામાં સમર્થ થઈ ગયા હતા અને રાણી રાસમણિ એ જાણીને ખૂબ પ્રસન્ન થઈ ગઈ

હતી કે કાલી એમના હાથે ખાવાનું ખાય છે. કોઈ બીજા દેવતા ખાવાનું ખાય છે કે નહિ એ મને ખબર નથી, પરંતું યજ્ઞ સાક્ષાત વિષ્ણું ભગવાન છે. આપ એને જે કંઈ પણ ખવડાવતા જશો એ બધું જ તેઓ ખાતા જશે. આપ થોડુક ખવડાવી દેશો, તેનાથી પણ ગુજરાન ચલાવી લેશે અને આપ વધારે ખવડાવી દેશો, તો વધારે પણ ખાતા જશે.

### ઘરઘર હો યજ્ઞ ભગવાનની સ્થાપના

મિત્રો ! આ યજ્ઞ ભગવાન છે, એ પ્રત્યક્ષ છે અને આપના હાથનું ભોજન કરવામાં સમર્થ છે. એ આપને પ્રકાશ આપે છે, ગરમી આપે છે, જ્ઞાન આપે છે અને ઉજ્જવળ ભવિષ્યની સંભાવનાનું આશ્વાસન આપે છે. આવા છે યજ્ઞ ભગવાન – જેને અમે વ્યાપક બનાવવા માગીએ છીએ, જેનું અમે પૂજન કરવા માગીએ છીએ અને જેને અમે જનમાનસમાં સ્થાપિત કરવા માગીએ છીએ. આપ પણ એનો પ્રચાર વિસ્તાર કરવા માટે જાઓ. આપનાં ઘરોમાં બલિવૈશ્વરૂપે આ યજ્ઞ ભગવાનની સ્થાપના કરો અને સમાજમાં એની પરંપરાને ફેલાવવા માટે પ્રાણ પણે પ્રયત્ન કરો.